For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 21 | Saturday 20 January 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



Gadgets ગુરૂ
Infinix Smart-8 સ્માર્ટફોન 6,749 માં લોન્ચ 4

હવે ઈ-ચલણ એપ્લિકેશન શરૂ, હવે વાહનચાલકો સ્થળ પર દંડ ભરી શકશે... 7




નિતેશ તિવારીની રામાયણમાં કૈકેયીની ભૂમિકા ભજવશે લારા! 10

## અલૌકિક... અપ્રતિમ... અવિસ્મરણીય... અદભૂત... અયોધ્યા...

### અવધનગરીમાં ઉત્સવનો માહોલ, ભક્તજનો ભારે ઉત્સાહમાં, સર્વત્ર રામમય

# આકાશ, જમીન, પાણી, સર્વત્ર... જય શ્રીરામના નારા



### રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના રંગમાં રંગાયુ આખું વિશ્વ, બારીકાઈથી ભવ્ય આયોજન

**શિકાગો :** અયોધ્યામાં 16 જાન્યુઆરીથી રામલલાની પ્રાણપ્રતિષ્ઠા પહેલાનું અનુષ્ઠાન ચાલી રહ્યું છે. રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા 22 જાન્યુઆરીએ કરવામાં આવશે. ગુરુવારે રામલલ્લાની મૂર્તિને ગર્ભગૃહમાં બિરાજમાન કરવામાં આવી હતી. કારીગરોએ મૂર્તિને આસન પર બિરાજમાન કરી હતી. આ પ્રક્રિયામાં 4 કલાકનો સમય લાગ્યો હતો. હવે મૂર્તિને ગંધ વાસ માટે સુગંધિત જળમાં રાખવામાં આવશે. પછી અનાજ, ફળ અને ઘીમાં પણ રાખવામાં આવશે. શ્રીરામલલ્લા વૈદિક મંત્રો સાથે ઔષધાધિવાસ, કેસરાધિવાસ, ધૃતાધિવાસ કરશે. પછી આરણી મંથનથી કુંડમાં અગ્નિ પ્રકટ કરવામાં આવશે. આચાર્ય અરૂણ દીક્ષિતે કહ્યું કે અગ્નિ દેવને પ્રકટ કરવામાટે આરણી મંથન થશે. શ્રીરામલલ્લા 20 જાન્યુઆરીએ વાસ્તુ શાંતિ પછી સિંહાસન પર બિરાજમાન થયા છે.

- 22મી તારીખે મુખ્ય વિધિ સરૂ થશે
- વિદેશમાં અદમ્ય ઉત્સાહ અને લાગણી
- રામલલ્લાની પ્રતિમા બનાવનાર કર્ણાટકનો રહેવાસી
- બે મૂર્તિઓ કાળા પથ્થરની અને એક આરસની છે
- દુનિયામાં રામલલ્લા પ્રાણપ્રતિષ્ઠાને લઇને ભક્તોમાં ઉત્સાહ

વાંચો અંદરના પાને

# અમેરિકામાં જયશ્રી રામ...

## એટલાન્ટામાં 100 બાય 35 ફૂટનું સૌથી મોટું બિલબોર્ડ લગાવવામાં આવ્યું

**દર 80 સેકન્ડે 10 સેકન્ડ માટે અયોધ્યા મહોત્સવની તસવીર** એટલાન્ટાઃ અમેરિકાના એટલાન્ટામાં પ્રાઈમ લોકેશન ગણાતા વિલિયમ સ્ટ્રીટ નજીક ડાઉનટાઉન કનેક્ટર નજીક અયોધ્યા રામમંદિર મહોત્સવનું વિશાળ બિલબોર્ડ લગાવવામાં આવ્યું છે. જેમાં દર 80 સેકન્ડે 10 સેકન્ડ માટે અયોધ્યા રામમંદિર મહોત્સવની જાહેરાત પ્રસારિત થાય છે. આ એવી જગ્યાએ બિલબોર્ડ છે જ્યાં સતત ટ્રાફિક રહે છે અને ઘણીવાર દસથી વીસ મિનિટ માટે ટ્રાફિક રોકાઈ રહે છે. તેથી મોટાભાગના લોકોની નજર આ બિલબોર્ડ પર પડે છે. આ બિલબોર્ડ એક સપ્તાહ સુધી 24 કલાક પ્રદર્શિત કરવામાં આવશે. આ બિલબોર્ડમાં જાહેરાત કરવી એ ખૂબ જ ખર્ચાળ છે. અત્યારે અમેરિકામાં રહેતા ભારતીયો આ ક્ષણ માટે ગર્વ અનુભવી રહ્યા છે અને સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે.









અયોધ્યામાં 22 જાન્યુઆરીએ યોજાનાર રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પહેલાં અમેરિકામાં કાર રેલી યોજાઈ છે. હિન્દુ સમુદાયના લોકોએ ભગવાન રામની તસવીર સાથેના ધ્વજ લઈને ન્યૂજર્સી શહેરમાં 350 જેટલી ગાડીઓના કાફલા સાથે રેલી યોજી હતી. હિન્દુ ધર્મના લોકો અયોધ્યામાં રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા સમારોહ પહેલાં વિશ્વભરમાં કાર્યક્રમો અને ઉજવણીઓનું આયોજન કરી રહ્યા છે.આ દરમિયાન, વિશ્વ હિંદુ પરિષદ (VHP), યુએસ ચેપ્ટર, સમગ્ર અમેરિકામાં હિન્દુઓ સાથે મળીને મંદિરની પવિત્રતાને લઈને 10 રાજ્યોમાં 40થી વધુ હોર્ડિંગ્સ લગાવ્યાં છે. VHPએ 15 જાન્યુઆરીથી વિઝ્યુઅલ સેલિબ્રેશન શરૂ કર્યું છે. અમેરિકાની વિશ્વ હિન્દુ પરિષદના અમિતાભ મિત્તલે ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું કે બિલબોર્ડ દ્વારા અમેરિકાના હિન્દુઓ પોતાની ખુશી વ્યક્ત કરી રહ્યા છે. 21મીએ રાત્રે સમગ્ર અમેરિકામાં ઉજવણી થશે વિશ્વ હિન્દુ પરિષદ અમેરિકાના સંયુક્ત સચિવ તેજા એ શાહે કહ્યું કે રામમંદિરનો ઉત્સવ 21 જાન્યુઆરીની રાત્રે થશે. આ સમયે ભારતમાં 22મી જાન્યુઆરીની સવાર હશે અને પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ ચાલી રહ્યો હશે. અમેરિકામાં પણ પ્રાણપ્રતિષ્ઠાના દિવસે અનેક કાર રેલીઓ કાઢવામાં આવશે. ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેર ખાતે પ્રાણપ્રતિષ્ઠા સમારોહનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે. મ તેમણે કહ્યું કે મોરેશિયસમાં અમારા તમામ મંદિરોમાં સંક્રાંતિથી 15મી જાન્યુઆરી અને ખાસ કરીને 22મીએ રામાયણના જાપ કરવામાં આવે છે. આ મંત્રોચ્ચાર આપણે જે રીતે દિવાળી ઊજવીએ છીએ તેવો જ હશે. મોરેશિયસમાં, અમે બે દિવાળીની ઉજવણી કરી રહ્યા છીએ.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

# ટાટા ચિંગ્સની નૂડલ્સ બનાવતી કંપની ખરીદશે, 5100 કરોડમાં ડીલ ફાઈનલ

**સૂપ, ચટણી, શેઝવાન ચટણી હક્કા નુડલ્સ પણ બનાવે છે** | **સ્મિથ એન્ડ જોન્સ બ્રાન્ડ આદુ-લસણની પેસ્ટ બનાવે છે** | **કેપિટલ ફૂડ્સ બે બ્રાન્ડ હેઠળ ખાદ્યપદાર્થોનું કરે છે વેચાણ**

નવી દિલ્હીઃ ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સે ચિંગ્સના નૂડલ્સનું વેચાણ કરતી કંપની કેપિટલ ફૂડ્સમાં 100% હિસ્સો ખરીદવા માટે સોદો કર્યો છે. આ ડીલ 5100 કરોડ રૂપિયામાં થઈ છે. ટાટા કન્ઝ્યુમરે શુક્રવારે 12 જાન્યુઆરીએ એક્સચેન્જ ફાઈલિંગમાં આ માહિતી આપી હતી. કેપિટલ ફૂડ્સ તેના ખાદ્યપદાર્થો બે બ્રાન્ડ હેઠળ વેચે છે - ચિંગ્સ સિક્રેટ અને સ્મિથ એન્ડ જોન્સ. ચિંગ્સ સિક્રેટ હેઠળ, કંપની હક્કા નૂડલ્સ, શેઝવાન ચટની, ફ્લેવર્ડ ઈન્સ્ટન્ટ નૂડલ્સ અને ચિલી વિનેગરનું વેચાણ કરે છે. તે જ સમયે, સ્મિથ એન્ડ જોન્સ બ્રાન્ડ હેઠળ આદુ લસણની પેસ્ટ, પાસ્તા મસાલા, પેરી પેરી મસાલા, સોયા વડી ન્યુટ્રી મસાલા, પનીર મસાલા અને શાહી પનીર મસાલાનું વેચાણ કરે છે.




## ટાટા ઓર્ગેનિક ઈન્ડિયા પણ હસ્તગત કરી શકે છે

ટાટા કન્ઝ્યુમર ઓર્ગેનિક હર્બલ અને આયુર્વેદિક હેલ્થ પ્રોડક્ટ્સ ફર્મ 'ઓર્ગેનિક ઈન્ડિયા' હસ્તગત કરી શકે છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર આ ડીલ માટે બંને કંપનીઓ વચ્ચે વાતચીત ચાલી રહી છે. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ટૂંક સમયમાં ફેબ ઈન્ડિયા પાસેથી રૂ. 1800 કરોડના મૂલ્યમાં ઓર્ગેનિક ઈન્ડિયા ખરીદવાની જાહેરાત કરી શકે છે.

**ફેબ ઈન્ડિયા ઓર્ગેનિક ઈન્ડિયામાં 64% હિસ્સો ધરાવે છે** ફેબ ઈન્ડિયા ઓર્ગેનિક ઈન્ડિયામાં 64% હિસ્સો ધરાવે છે, જે હજારો નાના ખેડૂતો સાથે નજીકથી કામ કરે છે. ઓર્ગેનિક ઈન્ડિયા અન્ય ઉત્પાદનોની સાથે ચાના ઈન્ફ્યુઝન, હર્બલ સપ્લિમેન્ટ્સ, મુખ્ય અને પેકેજ્ડ ખોરાક અને વ્યક્તિગત સંભાળનું ઉત્પાદન કરે છે.

**ટાટા કન્ઝ્યુમર શેર 52 સપ્તાહની ઊંચી સપાટીએ છે** આ સમાચાર વચ્ચે ટાટા કન્ઝ્યુમર શેર રૂ. 1,161.75 પર 52 સપ્તાહની ટોચે પહોંચી ગયો છે. છેલ્લા એક વર્ષમાં ટાટા કન્ઝ્યુમરના શેરમાં 48 ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે.




**ટાટા કન્ઝ્યુમરનું માર્કેટ કેપ 1.08 લાખ કરોડ છે** ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ ટાટા ગ્રુપની 7મી કંપની છે, જેનું માર્કેટ કેપ રૂ. 1 લાખ કરોડને પાર કરે છે. 29 ડિસેમ્બરે જ કંપનીનું માર્કેટ કેપ રૂ. 1 લાખ કરોડને પાર કરી ગયું હતું. આજે કંપનીના શેરમાં ઉછાળા બાદ ટાટા કન્ઝ્યુમરનું માર્કેટ કેપ 1.08 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

**ટાટાના પોર્ટફોલિયોમાં ચા, કોફી અને ફૂડનો સમાવેશ થાય છે** ટાટા કન્ઝ્યુમરના પોર્ટફોલિયોમાં ચા, કોફી, પ્રવાહી પીણાં અને ખોરાકનો સમાવેશ થાય છે. ટાટા કન્ઝ્યુમર યુકેની ચા કંપની ટેટલીની પણ માલિકી ધરાવે છે. ટાટાની સ્ટારબક્સ સાથે પણ ભાગીદારી છે.આગામી સમયમાં ટાટા બીજી પણ અનેક કંપનીઓ હસ્તગત કરી શકે છે.

# ફોર્બ્સની યાદીમાં કુવૈતી દિનાર સૌથી મજબૂત કરન્સી



## સૌથી મજબૂત કરન્સીની યાદીમાં ડોલર દસમા ક્રમે, ભારત પણ પાછળ

■ નવી દિલ્હી

વિશ્વમાં સૌથી વધુ લોકપ્રિય કરન્સી હોવા છતાં, ડોલર મજબૂત કરન્સી નથી. તેમજ મજબૂત કરન્સીના સંદર્ભમાં ભારતની કરન્સી વિશ્વની ટોપ 10 કરન્સી રેન્કિંગમાંથી બહાર છે. તાજેતરમાં ફોર્બ્સે મજબૂત કરન્સીનું રેન્કિંગ જાહેર કર્યું છે. આ રેન્કિંગમાં મજબૂત કરન્સીના સંદર્ભમાં ડોલરને 10માં સ્થાને રાખવામાં આવ્યું છે. જો આ લિસ્ટમાં આપણે ભારતીય કરન્સી રૂપિયા વિશે વાત કરીએ તો તે 15મા સ્થાને છે. ફોર્બ્સની યાદીમાં પ્રથમ સ્થાને કુવૈતી દિનાર છે. એક કુવૈતી દિનાર 270.23 અને $3 બરાબર છે. તેમજ એક બહેરીની દિનાર 220.4 અને $2.65 ની બરાબર છે. આ કરન્સી બીજા સ્થાને છે. યાદીમાં ત્રીજું સ્થાન ઓમાની રિયાલનું છે. આ કરન્સી 215.84 અને $2.60 ની બરાબર છે. આ પછી ચોથા સ્થાને જોર્ડનની કરન્સી દીનાર છે. આ કરન્સી 117.10 અને $1.141 ની બરાબર છે. પાંચમા સ્થાને જિબ્રાલ્ટર પાઉન્ડ છે.

## NEWS FILE

### ભારતીય પ્રવાસીઓ ટૂંક સમયમાં દુનિયામાં UPIનો ઉપયોગ કરી શકશે




નવી દિલ્હીઃ ભારતીય પ્રવાસીઓ ટૂંક સમયમાં જ Google Pay દ્વારા વિશ્વભરમાં UPI દ્વારા લેવડ-દેવડ કરી શકશે. આ માટે ગૂગલ ઇન્ડિયા ડિજિટલ સર્વિસિસ અને NPCI ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL) એ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કર્યા છે. આ MoUથી UPIની ગ્લોબલ પ્રેઝન્સ મજબૂત થશે. વિદેશી વેપારીઓને તે ભારતીય ગ્રાહકો સુધી પહોંચ મળશે જેમને હાલમાં ડિજિટલ પેમેન્ટ માટે માત્ર ફોરેન કરન્સી, એક નિવેદન જાહેર કરીને, Google Payએ કહ્યું કે તે ભારતની બહારના પ્રવાસીઓ માટે UPI ચૂકવણીનો ઉપયોગ વિસ્તારવા માંગે છે, જેથી તેઓ સરળતાથી વિદેશમાં લેણદેણ કરી શકે.

### રશિયા ભારત માટે આ વર્ષે સૌથી મોટો તેલ સપ્લાયર બન્યો

નવી દિલ્હીઃ ભારત માટે ઈરાક અને સાઉદી અરેબિયા લાંબા સમયથી સૌથી મોટા તેલના સપ્લાયર રહ્યા છે, જો કે ગયા વર્ષના આંકડાની વાત કરવામાં આવે તો સ્થિતિ કંઈક અલગ જ જોવા મળે છે. ભારતે તેમની જરૂરિયાતોને પહોંચી વળવા માટે હવે તેલ ખરીદીની નવી પેટર્ન શરુ કરતા હવે ગલ્ફ દેશો બાદ રશિયા સૌથી મોટા તેલ સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. હવે બદલાતા સમય અને પોતાની જરૂરિયાતોને પહોંચી વળવા ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું શરુ કરતા ગલ્ફના દેશો સપ્લાયરના લિસ્ટમાં નીચેના ક્રમે આવી ગયા છે.

### અકાસાનો 150 બોઇંગ 737-મેક્સ એરક્રાફ્ટનો ઓર્ડર




નવી દિલ્હીઃ બજેટ એરલાઈન્ન અકાસા એરે તેના સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કામગીરીને વિસ્તારવા માટે બોઈંગ પાસેથી 150 નેરોબોડી એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો છે. ઓર્ડરમાં 737 MAX 10 અને 737 MAX 8-200 જેટનું સંયોજન સામેલ છે. Akasaના ઓર્ડરમાં MAX 9 વર્ઝનનો સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ તેની વિગતો જાહેર કરવામાં આવી નથી. tAkasa Airના સ્થાપક અને CEO વિનય દુબેએ જણાવ્યું હતું કે આ વિશાળ અને ઐતિહાસિક એરક્રાફ્ટ ઓર્ડર અકાસાને આ દાયકાના અંત સુધીમાં વિશ્વની ટોચની 30 અગ્રણી એરલાઈન્સમાંની એક બનવાના માર્ગ પર મૂકે છે.

# ધારાવીમાં લોકોને 350 સ્ક્વેર ફૂટના ફ્લેટ મળશે « પહેલા કરતા 17% મોટું, રસોડું અને બાથરૂમ પણ


## અદાણી ગ્રુપ ધારાવી વસાહતની કાયાપલટનું કામ કરશે

■ મુંબઈ

મુંબઈમાં આવેલી એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીમાં લોકોને હવે ઓછામાં ઓછા 350 સ્ક્વેર ફૂટના ફ્લેટ મળશે. મહારાષ્ટ્ર સરકાર અને અદાણી ગ્રૂપના સંયુક્ત ઉપક્રમે બનાવવામાં આવી રહેલા આ ફ્લેટ્સનું કદ લગભગ 17% વધારવામાં આવશે. ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ (DRPPL) હેઠળ બાંધવામાં આવનાર આ ફ્લેટમાં સ્વતંત્ર રસોડું અને બાથરૂમ પણ હશે. અદાણી ગ્રૂપે આ માહિતી આપી છે. ગયા વર્ષે જુલાઈમાં, મહારાષ્ટ્ર સરકારે ધારાવી સ્લમ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે અદાણી જૂથની બિડને મંજૂરી આપી હતી.

આ વિસ્તાર અંગ્રેજોએ 1882માં વસાવ્યો હતો. તેની સ્થાપના મજૂરોને સસ્તું આવાસ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. ધીરે ધીરે અહીં લોકો વધવા લાગ્યા અને ઝૂંપડપટ્ટીઓ બની. અહીંની જમીન સરકારી છે, પરંતુ લોકોએ ઝૂંપડપટ્ટી બનાવી છે.

## અદાણી ગ્રુપે 5,069 કરોડની બિડ કરી હતી, ફિલ્મોના કારણે ધારાવીની લોકપ્રિયતા વધી



29 નવેમ્બર, 2022ના રોજ, અદાણી જૂથની કંપની 'અદાણી પ્રોપર્ટીઝ' એ ઝૂંપડપટ્ટીના પુનઃવિકાસ માટેના પ્રોજેક્ટ માટે બિડ જીતી હતી. કંપનીએ આ માટે રૂ. 5,069 કરોડની બોલી લગાવી હતી. અદાણી ગ્રૂપ ઉપરાંત, ડીએલએફ ગ્રૂપ બિડર્સમાં બીજા ક્રમે હતું, જેણે રૂ. 2,025 કરોડની બિડ કરી હતી. ધારાવીના સ્લમ વિસ્તારનો વિવિધ તબક્કામાં પુનઃવિકાસ થવાનો છે. સૌથી પહેલા ત્યાં રહેતા લોકોને કેમ્પમાં મોકલવામાં આવશે. આ પછી ત્યાં નવા મકાનો બનાવવામાં આવશે.

**1 જાન્યુઆરી, 2000 પહેલાંથી રહેતાં લોકોને ફ્રી મકાન** | ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ 23 હજાર કરોડ રૂપિયાનો છે. પ્રોજેક્ટ હેઠળ જે લોકો 1 જાન્યુઆરી, 2000 પહેલા ધારાવીમાં રહેતા હતા, તેમને મફત કાયમી મકાનો આપવામાં આવશે.

## તંત્રીસ્થાનેથી...

# આખરે કોંગ્રેસને થયું છે શું? પતન છતાંય નાસમજ...



આમ તો હિમાચલ પ્રદેશ અને કર્ણાટકમાં જીત બાદ, હિન્દી બેલ્ટનાં ત્રણ રાજ્યોમાં પરાજય સાથે કોંગ્રેસની મજબૂત વાપસીની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. આ રીતે ઈ.સ. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીનો રસ્તો અનિશ્ચિત બની ગયો છે. એટલું જ નહીં, કોંગ્રેસની એ હારને કારણે નવી રચાયેલી I.N.D.I.A. મહાગઠબંધનની મુશ્કેલી પણ વધી ગઈ છે, કારણ કે આ ગઠબંધનનું ભવિષ્ય પણ કોંગ્રેસ સાથે જોડાયેલું છે. જો કોંગ્રેસ ૨૦૦થી વધુ લોકસભા બેઠકો પર ભાજપ સામે હારવાનું ચાલુ રાખે છે જ્યાં બંને પક્ષો સીધી હરીફાઈમાં છે, તો પ્રાદેશિક પક્ષોનું સારું પ્રદર્શન પણ ગઠબંધનને જીત અપાવવા માટે પૂરતું નથી.

આખરે કોંગ્રેસને શું થયું છે? શા માટે તે પુનરાગમન કરવા સક્ષમ નથી અથવા ગમે એટલા પ્રયત્નો છતાં લોકહૈયે એની છબી સાવ ઝાંખી કેમ રહે છે? સિક્કો કેમ પડતો નથી ને ડંકો કેમ વાગતો નથી? ઘણા લોકો આ માટે ગાંધી પરિવારના નેતૃત્વ અને તેમની ઘટતી ચૂંટણી જીતને જવાબદાર માને છે. તેમનું કહેવું છે કે ‘ન્યૂ ઈન્ડિયા’માં મોદી ફેક્ટર ખૂબ જ મજબૂત છે, જ્યારે કોંગ્રેસ પાસે કોઈ નવો નેરેટિવ નથી. નરેન્દ્ર મોદીએ સત્તા પર આવ્યા પછી એક પછી એક મોટા ગજાના પ્રચાર અભિયાનો સરકારી વાજિંત્રમાં જે વહેતાં કર્યા એની સામે કોંગ્રેસ સ્તબ્ધ થઈ ગઈ. એણે વાજપેયી મોડેલની ધારણા કરી હતી જેમાં પરિપૂર્ણ સજ્જનતા હતી, કારણ કે વાજપેયી મહાન રાજપુરુષ હતા, પણ ખેલાડી ન હતા.

ગાંધી પરિવારનું નેતૃત્વ વારસા પર આધારિત છે, જેને મોદી વંશવાદ કહીને ધિક્કારે છે. જ્યાં તમામ અધિકારો છે, પરંતુ હાર કે ખોટા નિર્ણયો માટે કોઈ જવાબદારી લેવામાં આવતી નથી. પક્ષ હારે છે, નુકસાન સહન કરે છે, પરંતુ ગાંધી પરિવાર તેનાથી અસ્પૃશ્ય રહે છે. કોંગ્રેસ માટે રાજકીય નિરાશાના આ સમયગાળા વચ્ચે પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બીજી યાત્રા પર નીકળવાનું નક્કી કર્યું એ પણ એક અખતરો જ છે. પુનરાવર્તિત અખતરો. જેઓ પાસે કંઈ નવું નથી તેઓ સ્વાનુકરણનો ભોગ બને છે. રાહુલ અને પ્રિયંકા ગાંધી વાડ્રાને આશા હતી કે રાજ્યોની ચૂંટણીમાં કોંગ્રેસ જીતશે અને આનો સંપૂર્ણ શ્રેય તેમની ભારત જોડો યાત્રા અને જાતિ ગણતરી-ઓબીસી કાર્ડને જશે. પરંતુ આ થઈ શક્યું નહીં. આ નવી ‘ઈસ્ટ-વેસ્ટ યાત્રા-૨’ પાર્ટીને કેટલી હદ સુધી લઈ જશે તે જોવું રહ્યું.


૨૧ ડિસેમ્બરે કારોબારી (CWC)ની બેઠકમાં કેટલાક સભ્યોએ રાહુલને ચેતવણી આપી હતી કે લોકસભાની ચૂંટણી ખૂબ જ નજીક છે અને આવી સ્થિતિમાં બીજી મુલાકાત લાભદાયી રહેશે નહીં. મહત્ત્વના દિવસોનો વેડફાટ થશે. ઉપરાંત, તે રામ મંદિરના ઉદઘાટન માટેના ભાજપના કાર્યક્રમો સાથે ટકરાઈ શકે છે અને તેમાં પહેલાં જેવી નવીનતા રહેશે નહીં, પરંતુ પાર્ટીએ આ ચેતવણીઓની અવગણના કરી છે. રાહુલ ગાંધીની બીજી યાત્રા મણિપુરથી ચાલુ થઈ ગઈ છે, તો બીજી તરફ પ્રિયંકા વાડ્રા પણ પોતાની પહોંચ વિસ્તારી રહી છે. તેમના નેતૃત્વમાં યુપી કોંગ્રેસ લગભગ બરબાદ થઈ ગઈ હોવા છતાં, તેમને ઈનામ તરીકે ‘વિભાગ વિના AICC મહાસચિવ’નું પદ મળ્યું. તેનો અર્થ એ છે કે કોઈપણ જગ્યાએ દખલ કરવાનું લાઈસન્સ અને તે પણ કોઈપણ જવાબદારી વિના. જો રાહુલનો પીએમ બનવાનો દાવો એ હકીકત પર આધારિત છે કે તેમના પિતા, તેમનાં દાદી અને તેમના પરદાદા પણ વડાપ્રધાન હતા, તો પ્રિયંકા વાડ્રાની તરફેણમાં બીજી લાયકાત છે એટલે કે તેમના ચાહકો હવે દાવો કરી શકે છે કે લાલ બહાદુર શાસ્ત્રી પણ વડાપ્રધાન બનતા પહેલા ‘પોર્ટફોલિયો વગરના મંત્રી’ હતા.

એક બુદ્ધિશાળી ‘ટુ હેન્ડ ક્લેપ’ સિસ્ટમ પરિવારને ખીલવામાં મદદ કરે છે એટલે કે વાહવાહીનું કલ્ચર અથવા અહો રૂપમ્ અને અહો ધ્વનિ...! CWCથી AICC સચિવાલય અને રાજ્ય કોંગ્રેસ સમિતિઓ (CPC) સુધી, લગભગ તમામ અધિકારીઓ ‘નોમિનેટેડ’ છે, જેમને ચૂંટાયેલા સભ્યોથી વિપરીત, ઈચ્છાથી દૂર કરી શકાય છે. સોનિયા-રાહુલ પ્રમુખ પદ છોડયા પછી પણ પોતપોતાના હોદ્દા સુરક્ષિત કર્યા. રાયપુર સત્રમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખો અને ભૂતપૂર્વ વડા પ્રધાનોને CWCમાં કાયમી સભ્યપદ આપવામાં આવ્યું હતું. ગાંધી-નહેરુ પરિવાર અને નિયુક્ત અધિકારીઓ પરસ્પર વફાદારીના નામે એક સાથે ફરે છે, જ્યારે કોંગ્રેસ ડૂબી રહી છે. નામાંકિત અધિકારીઓ આ સૂર ગાતા રહે છે કે માત્ર ગાંધી-નહેરુ પરિવાર જ પાર્ટીને એક કરી શકે છે.

# નોકરીઓ ખાઈ જતી એઆઈ ટેક્નોલોજી સામે ભારતે જાગવું પડશે

### નહીંતર દેશના લાખો લોકો બેરોજગાર અને બેકાર બની જશે

## વિચાર મંથન



**આર્ટિફિશિયલ** ઈન્ટેલિજન્સ (AI)ના કારણે દુનિયામાં નોકરીઓ ઘટશે અને બેરોજગારી વધશે એવી ચર્ચાઓ લાંબા સમયથી ચાલ્યા કરે છે. નોકરીઓમાં કેટલો ઘટાડો થશે તેના જુદા જુદા સર્વે પણ આવે છે. આ સર્વે ચિંતા કરાવે એવા છે પણ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ કરેલું એનાલિસિસ આઘાત આપે એવું છે. આઈએમએફના દાવા પ્રમાણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના કારણે દુનિયામાં ૪૦ ટકા જેટલી નોકરીઓને અસર થશે ને તેમાં સૌથી વધારે અસર એડવાન્સ્ડ ઈકોનોમઝ ધરાવતા એટલે કે વિકસિત દેશોને થશે. આઈએમએફે માથાદીઠ આવક, નિકાસ, જીડીપી, સોશિયલ સીક્યુરિટી વગેરે પેરામીટર્સના આધારે દુનિયાના દેશોને એડવાન્સ્ડ ઈકોનોમીઝ, ઈમર્જિંગ ઈકોનોમીઝ અને લો ઈન્કમ આકોનોમીઝ એમ ત્રણ ગ્રુપમાં વહેંચી દીધા છે.

એડવાન્સ્ડ ઈકોનોમીઝ એટલે કે વિકસિત દેશોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ૬૦ ટકા નોકરીઓ ખાઈ જશે જ્યારે ઈમર્જિંગ ઈકોનોમીઝ એટલે કે આર્થિક રીતે ઝડપથી ઉભરી રહેલા દેશોમાં ૪૦ ટકા નોકરીઓને અસર થશે. ઓછી આવક ધરાવતા ગરીબ દેશોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના કારણે ૨૬ ટકા નોકરીઓને અસર થશે. ભારત ઈમર્જિંગ ઈકોનોમીની કેટેગરીમાં આવે છે તેથી ભારતમાં ૪૦ ટકા નોકરીઓને એઆઈના કારણે અસર થશે એવું આઈએમએફનો રીપોર્ટ કહે છે.

આઈએમએફની કેટેગરી પ્રમાણે યુએસ. યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જાપાન, જર્મની, સાઉથ કોરીયા, સિંગાપોર, ઈઝરાયલ સહિતના વીસેક દેશો એડવાન્સ્ડ ઈકોનોમી કેટેગરીમાં આવે છે. તેનો મતલબ એ થયો કે, એઆઈ આ દેશોમાં ૬૦ ટકા જેટલી નોકરીઓને અસર થશે. આઈએમએફના રીપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે, આ પૈકી લગભગ અડધી નોકરીઓને એઆઈના ઈન્ટીગ્રેશનના કારણે ફાયદો થશે. મલબબ કે, એઆઈના કારણે ત્રીસેક ટકા નોકરીઓમાં ઓછા માણસોની જરૂર પડશે. આ ગણિત પ્રમાણે તો વિકસિત દેશોમાં ૩૦ ટકા નોકરીઓ જતી રહેશે ને એ બહુ મોટી વાત કહેવાય.

જો કે અમેરિકા, બ્રિટન સહિતના દેશોમાં નોકરીઓ ઘટશે તેના કારણે આ દેશો ગરીબ થઈ જશે કે તેમનું વર્ચસ્વ ઘટી જશે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. ઉલટાનું તેમની સંપત્તિ અને પ્રભાવ વધશે. એઆઈના કારણે અસર રોજગારીને થવાની છે પણ પ્રોડક્ટિવિટી તો વધવાની જ છે. માણસો જે કામ બે દિવસમાં કરી શકે છે એ કામ એઆઈ એપ્લિકેશન્સ પર ચાલતાં મશીન્સ એક દિવસમાં કરી દેશે તેથી ઉત્પાદન ઝડપી બનશે પણ તેના પાછળ થતો મજૂરીનો ખર્ચ ઘટી જશે. તેના કારણે વિકસિત દેશોને જંગી ફાયદો થશે કેમ કે ઓછા મેનપાવરમાં વધારે ઉત્પાદન કરી શકશે.

બીજી તરફ ભારત, ચીન જેવા ઝડપથી ઉભરી રહેલાં અર્થતંત્ર માટે એઆઈ સમસ્યા સર્જશે. વિકસિત દેશોની સૌથી મોટી સમસ્યા તેમની અતિશય વધી ગયેલી વસતી છે. આપણા રાજકારણીઓ વરસોથી આપણને ગોળીઓ ગળાવે છે કે, એક સમયે વધારે વસતી આપણા માટે સમસ્યા હતી પણ હવે વધારે વસતી આપણી તાકાત બનશે કેમ કે દુનિયામાં ઉત્પાદનમાં આપણે સૌથી વધારે યોગદાન આપી શકીશું. આ બહુ મોટો ભ્રમ છે કેમ કે ભારત સહિતના દેશોમાં પહેલેથી બેરોજગારીનો દર ઉંચો છે. ભારતમાં બેરોજગારીનો દર પાંચ ટકાથી દસ ટકની વચ્ચે રહે છે. હવે એઆઈના કારણે બીજા દસેક ટકા લોકો બેરોજગાર થઈ જાય તો પંદર ટકા બેરાજગારોને શું ખવડાવવું એ સવા આવીને ઉભો રહી જાય. ભારત માટે એઆઈના કારણે મજૂરીકામ પર થનારી અસર જ ખતરો નથી પણ બીજી નોકરીઓ પર આવનારો કાપ પણ ખતરો છે. અત્યારે ભારતની આઈટી કંપનીઓ આઉટ સોર્સિંગમાંથી તગડી કમાણી કરે છેએઆઈના કારણે સૌથી વધારે અસર આઈટીના કામ પર જ પડવાની છે એ જોતાં ભારતને તો આઉટસોર્સિંગમાં આવતા કાપના કારણ પેદા થનારી બેકારીનો પણ ખતરો છે. આ સમસ્યા ભારતની જ નથી પણ ચીન, બ્રાઝિલ, આર્જેન્ટિના સહિતના બધા વિકસિત દેશોની છે પણ ભારતે વધારે ચિંતા કકરવી પડે કેમ કે બીજા દેશોની વસતી આપણી જેમ ૧૪૦ કરોડ નથી. આપણે વધારે લોકોનાં પેટ ભરવાનાં છે તેથી આપણી ચિંતા વધારે છે. ભારત સહિતના દેશોએ આઈએમએફના રીપોર્ટને ગંભીરતાથી લેવો જોઈએ અને તેની અસરોને ખાળવા માટે શું કરવું જોઈએ એ વિશે વિચારવું જોઈએ. અમેરિકા સહિતના દેશો એ ચિંતા કરતા હોવાનો દેખાડો કરે છે. યુકેમાં એઆઈ સેફ્ટી સમિટમાં અમેરિકાએ એઆઈના કારણે પેદા થનારા ખતરાને ટાળવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ એઆઈ સેફ્ટી ઈન્સિટયુટ બનાવવાની જાહેરાત કરી છે કે જે અમેરિકામાં એઆઈના વિકાસ માટેની ગાઈડલાઈન તૈયાર કરશે. બીજા વિકસિત દેશો પણ એ બધું કરે છે પણ એ દેખાડો છે.

આ દેશોએ જ એઆઈના રાક્ષસને ઉભો કર્યો છે અને આ રાક્ષસ તેમની કમાણી વધારી આપવાનો છે તેથી તેમને તેને નાથવામાં જરાય રસ નથી. આ બધા દેશો એઆઈને નાથવાની વાતો કરે છે પણ તેના માટે કોઈએ કાયદો બનાવ્યો નથી. તેના પરથી જ તેમના ઈરાદા સમજી જવાની જરૂર છે.

યુરોપીયન યુનિયન આવો કાયદો બનાવનારો પહેલો દેશ બનશે પણ આ કાયદો પણ વહેલામાં વહેલો ૨૦૨૫માં અમલમાં આવશે ને એ કાયદો કેવો હશે એ ખબર નથી. વિકસિત દેશોને એઆઈને નાથવામા રસ નથી તેનું કારણ એ કે, તેમને ત્યાં નોકરીઓ ઘટશે પણ આવક વધશે તેથી બેરોજગારોને ઘરે બેસાડીને ખવડાવવું તેમના માટે જરાય મુશ્કેલ નથી પણ ભારત સહિતના દેશો માટે મોટી મુશ્કેલીઓ ઉભી થવાની છે.

આ મુશ્કેલીઓને ટાળવી હોય તો ભારતે પહેલ કરીને વિકસિત અને ગરીબ દેશોનું પ્લેટફોર્મ બનાવવું જોઈએ.

### 10થી 40 રૂપિયામાં વેચાતી દારૂની પોટલી હકીકતમાં મોતનો સામાન

# ગિફ્ટ સિટી વાળા ગાંધીનગરમાં લઠ્ઠાકાંડ, કેવી રીતે બને છે લઠ્ઠો?



**અનંત**
સંદીપ હીરપરા

**ગુજરાતમાં** ફરી એકવાર લઠ્ઠાકાંડ સર્જાયો છે. અને આ લઠ્ઠાકાંડ ગિફ્ટ સિટી વાળા ગાંધીનગરમાં સર્જાયો છે. દહેગામના લીહોડા ગામમાં ઝેરી દારૂ પીવાથી બે વ્યક્તિઓના મોત થયા છે. એક તરફ ગુજરાતમાં દારૂબંધી છે. તો બીજી તરફ ગેરકાયદેસર વેચાતો દારુનો ચોક્કસ આંકડો નથી, પણ એવુ કહી શકાય કે દારૂબંધીવાળા ગુજરાતમાં ગામેગામ દારૂ પીવાય છે. જેને પોસાય છે તે લોકો ગેરકાયદે દારૂ લાવીને છુપાઈ છુપાઈને દારૂ પીએ છે. પંરતુ જે લોકો પાસે રૂપિયા નથી એ ગરીબો દેશી દારૂ પર આધાર રાખે છે. પણ, 10, 20 રૂપિયાથી લઈને 40 રૂપિયામાં વેચાતી દારૂની પોટલીમાં હકીકતમાં તો મોતનો સામાન વેચાય છે. આખરે આ લઠ્ઠો શું છે અને કેવી રીતે સર્જાય છે લઠ્ઠાકાંડ.

લઠ્ઠો એ દારૂ નહિ, પરંતુ એક પ્રકારનુ સ્પિરિટ છે. જેમાં આલ્કોહોલ કન્ટેન્ટ હોય છે. આ કેમિકલ ઉદ્યોગોમાં વપરાશમાં લેવાય છે. ઔદ્યોગિક ટર્મમાં તેને ઈથાઈલ આલ્કોહોલ કહેવાય છે, પરંતુ લોકો તેને પીએ નહિ તે માટે તેમાં મિથેનોલ નામનું ઝેરી રસાયણ મેળવે છે. ઉદ્યોગો પોતાના જરૂરિયાતનું મિથાઈલ આલ્કોહોલ પોતાની પાસે રાખે છે અને બાકીનું ગેરાકાયદેસર રીતે દારૂ બનાવનારઓને વેચી દે છે. આ એક મોટી ચેન છે, જેઓ લોકોને કેમિકલવાળો દારૂ પીવા મજબૂર કરે છે. અનેક ઉદ્યોગો પોતાની જરૂરિયાત કરતા વધુના મિથેનોલની ખરીદી કરી ગેરકાયદે દારૂ બનાવનારને વેચી દે છે. આ સતત ચાલતો વેપાર છે. ગેરકાયદે દેશી દારૂ બનાવનાર પહેલા તો મિથાઈલ આલ્કોહોલની ખરીદી કરે છે. ત્યારબાદ તેમાં ફટકડીનો પાઉડર નાખે છે. મિથાઈલ આલ્કોહોલમાં ફટકડી ભળી જવાથી એક રાસાયણિક પ્રક્રિયા થાય છે. જે બાદ મિથાઈલ અણુઓ તળીયે બેસી જાય છે અને ઈથાઈલ આલ્કોહોલ ઉપર તરે છે, જે પી શકાય તેવું મનાય છે. ત્યારે આ ઈથાઈલ આલ્કોહોલનું દારુ વેચનારા વેચાણ કરતા હોય છે. જે વિદેશી દારુ કરતા પ્રમાણમાં સસ્તું પડે છે.

મિથાઈલ આલ્કોહોલમાં ફટકડી નાખીને જે રાસાયણિક પ્રક્રિયા કરવામાં આવી હોય છે. તે સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક રીતે કરવામાં આવતી નથી તેથી તેમાં થોડા ઝેરી તત્ત્વો રહી જતા હોય છે. જેના કારણે આ લઠ્ઠો પીનારા લોકો ધીમે ધીમે મરે છે. પરંતુ જો ક્યારેક આ ફટકડીને બદલે ભળતી કોઈ વસ્તુ આવી ગઈ હોય ત્યારે આ ઝેર નીચે બસેતું નથી અને તેને પીધા બાદ પીનારનું તરત મોત થયા છે. એટલે કે દેશી દારુના અડ્ડા પર જ્યારે મિથાઈલ આલ્કોહોલવાળું પીણું આવી જાય ત્યારે તે દિવસે પીનારા તમામ લોકોના મોત થયા છે.

ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી રાજ્યમાં દારૂબંધી અમલમાં છે. તાજેતરમાં સરકારે આમાં થોડી છૂટછાટ આપી છે.જે અંતર્ગત ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની પરવાનગી આપવામાં આવી છે.




## Gadgets ગુરૂ

### Infinix Smart-8 સ્માર્ટફોન 6,749 માં લોન્ચ

હોંગકોંગ સ્થિત ટેક કંપની Infinix એ ભારતમાં Infinix Smart-8 સ્માર્ટફોન લોન્ચ કર્યો છે. આ નવા સ્માર્ટફોનમાં, કંપનીએ સેગમેન્ટમાં પ્રથમ વખત 50MP AI કેમેરા આપ્યો છે. પહેલીવાર સ્માર્ટફોનમાં સાઈડ માઉન્ટેડ ફિંગરપ્રિન્ટ પણ આપવામાં આવી છે. આ સિવાય, તે Infinixના સ્માર્ટફોન સેગમેન્ટમાં પહેલો સ્માર્ટફોન છે, જેમાં ફ્લેશલાઈટ સાથે 8MP સેલ્ફી કેમેરા છે.

- 90Hz રિફ્રેશ રેટ
- 6.6-ઈંચની HD ડિસ્પ્લે
- Android 13Go ઓપરેટિંગ સિસ્ટમ
- MediaTek Helio G36 પ્રોસેસર
- 50MPનો મુખ્ય કેમેરો
- ટાઈપ-સી ચાર્જિંગ પોર્ટ
- 5000mAh બેટરી ઈન્ટરેક્ટિવ મેજિક રિંગ ફીચર

# અમેરિકાના વૈજ્ઞાનિકો હેરાન-પરેશાન

## અલાસ્કામાં નદીના પાણીનો રંગ બદલાઈને નારંગી થઇ ગયો | માણસનું પહોંચવું પણ અશક્ય છે ત્યાં આવું કેમ? | હવાના પ્રદૂષણના કારણે કે પછી ગ્લોબલ વોર્મિંગની અસર!

વોશિંગ્ટન:વર્ષનો મોટા ભાગનો સમય બરફથી ઢંકાયેલા રહેતા અમેરિકાના અલાસ્કા રાજ્યમાં અજીબો ગરીબ કુદરતી ઘટના બની છે.અલાસ્કાના એક નેશનલ પાર્કમાં અચાનક જ નદીઓ, નહેર તેમજ બીજા જળાશયોના પાણીનો રંગ બદલાઈને નારંગી થઈ ગયો છે. આ જાણીને વિજ્ઞાનીઓ પણ હેરાન છે. અલાસ્કાના કોબુક વેલી નેશનલ પાર્કમાં થયેલા આ ફેરફારની તસવીરો અમેરિકાના વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર ટેલર રોડસે ખેંચી છે અને તે જોઈને સૌ કોઈ આશ્ચર્ય અનુભવી રહ્યા છે.



### નારંગી પાણીમાં સલ્ફ્યુરિક એસિડ વધુ જોવા મળ્યું

અલાસ્કા યુનિવર્સિટીના ઈકોલોજિસ્ટ પેટ્રિક સુલિવનનુ કહેવુ છે કે, આ કારણ કુદરતી ના પણ હોઈ શકે. એક શક્યતા પ્રદૂષણની પણ છે. પ્રદૂષણનુ કારણ શું છે અને આ પાણીનો રંગ કેમ બદલાયો છે તેનુ કારણ જાણવાનો અમે પ્રયત્ન કરી રહયા છે. પેટ્રિક સુલિવન નેશનલ પાર્કમાં અલગ અલગ સ્થળોનુ મુલાકાત લઈ રહ્યા છે. તેમણે જ્યારે આ પાણીના પીએચ લેવલનુ ટેસ્ટંગ કર્યુ ત્યારે તેમને જાણકારી મળી હતી કે તેમાં પીએચ લેવલ 6.4 છે.

### જ્યાં માણસની અવરજવર પણ શક્ય નથી

આ નદીનુ નામ સેલમન રિવર છે.જે નેશનલ પાર્કમાંથી પસાર થાય છે. તેની ઘણી શાખાઓ પણ નેશનલ પાર્કમાં ફેલાયેલી છે. આ પાર્કમાં 1000 કિલોમીટરની લંબાઈની પર્વતમાળા પર મોટા ભાગે બરફ જામેલો રહેતો હોય છે. સેલમન રિવર સુધી લોકોની પહોંચ પણ નથી એટલે જો પ્રદૂષણના કારણે કલર બદલાયો હોય તો પ્રદૂષણ અહીં સુધી કેવી રીતે પહોંચ્યુ તે પણ સવાલ છે. 1980ના દાયકામાં નદીનુ પાણી એકદમ ચોખ્ખુ રહેતુ હતું.

# પૂર્વ રાષ્ટ્રપતિની અજીબોગરીબ ભવિષ્યવાણી

### ‘હું 2024ની ચૂંટણી નહીં જીતું તો શેરબજાર ક્રેશ થઇ જશે’

■ ન્યૂયોર્ક

અમેરિકામાં આ વર્ષે રાષ્ટ્રપતિ ચૂંટણી યોજાવાની છે અને તેમાં રિપબ્લિકન પાર્ટી તરફથી પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગેવાની કરી રહ્યા છે. આ સાથે જ તેઓ પોતાની જીત થશે તેવો વિશ્વાસ રાખી રહ્યા છે. હવે તેમણે એક મોટો દાવો કર્યો છે કે, જો તેઓ 2024ની ચૂંટણી નહીં જીતે, તો તેની અસરથી શેરબજાર ક્રેશ થઈ જશે. આયોવામાં અમેરિકન અર્થવ્યવસ્થાને લઈને બોલતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, તેમનું માનવું છે કે, અમેરિકામાં શેરબજાર છોડીને ઈકોનોમીની હાલત ખુબ ખરાબ છે. સ્ટોક માર્કેટની સારી સ્થિતિનો શ્રેય પણ તેઓ ચૂંટણીમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન પર પોતાની લીડને આપી રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે, હાલ શેરબજારમાં તેજી ચાલી રહી છે, તે માત્ર એટલા માટે કે હું ચૂંટણી પોલ્સમાં લીડ ધરાવી રહ્યો છું.

ચૂંટણી ન જીતવા પર દેશમાં મોટા સંકટની ભવિષ્યવાણી પણ કરી દીધી. નવેમ્બરમાં થનારી ચૂંટણીમાં પોતાની જીતને લઈને કોન્ફિડેન્ટ નજરે આવેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિએ કહ્યું કે, જો હું 2024માં ચૂંટણી નહીં જીતુ તો સ્ટોક માર્કેટ ક્રેશ થઈ જશે અને તેને લઈને આગામી 12 મહિનાઓમાં દેશને આર્થિક મંદીનો સામનો કરવો પડી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યક્રમમાં સામેલ થતા કેટલાક મુદ્દાઓ પર વાત કરી. જ્યારે તેમણે શેરબજારમાં તેજી અને 12 મહિનાઓમાં આર્થિક મંદીની ભવિષ્યવાણી વાળી તેમની ગત ટિપ્પણીઓ અંગે સવાલ કરાયો.

# વિશ્વના પાંચ સૌથી વધુ શ્રીમંતોની મૂડી બમણી

### ઓક્સફામે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં કર્યો સૌથી મોટો દાવો

■ દેવોસ

સ્વિત્ઝર્લેન્ડમાં દેવોસમાં ચાલી રહેલી ‘વર્લ્ડ-ઈકોનોમિક ફોરમ’માં ‘‘ઓક્સ-ફામે’’ આંચકાજનક રીપોર્ટ આપ્યો છે. તેનું કહેવું છે કે દુનિયામાં સૌથી વધુ શ્રીમંત તેવી પાંચ વ્યક્તિોએ તેમની મૂડી બમણી કરી છે. જ્યારે ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે. આ પાંચેની કુલ મૂડી ૨૦૨૦માં જે ૪૦૫ અબજ ડોલર હતી, તે ૨૦૨૩માં વધીને ૮૬૯ ડૉલર જેટલે પહોંચી છે. આ એવે સમયે બન્યું છે કે જ્યારે વિશ્વના અન્ય ૫ થી ૬ અબજ લોકોની આર્થિક સ્થિતિ કથળતી જાય છે. આ અસામાન્ય વિરોધાભાસ કોવિદ-૧૯ મહામારી પછી ઝડપભેર વધતો ગયો છે. તેથી અબજોપતિઓ ૨૦૨૦ થી આજ સુધીમાં તેઓની મૂડીમાં ૩.૩ અબજ ડોલર વધારો કરી શક્યા છે.

આ અહેવાલમાં ઓક્સફામે પાંચ ગેચના અતિશ્રીમંતોના નામ પણ આપ્યા છે. જેમાં ટેસ્લા સીઈઓ, એલન મસ્ક, એલ.વી.એલ.એચ. ચીફ બર્નાર્ડ આર્નોલ્ડ, એમેઝોનના જેફ બેઝોઝ, ઑરેકલના સહસ્થાપક લેરીએલીસન અને રોકાણકાર વૉરેન-બફેર છે. રીપોર્ટ વધુમાં જણાવે છે કે દુનિયાની ૧૬૦૦ જેટલી સૌથી મોટી કંપનીઓ માત્ર ૦.૪ ટકા જેટલી જ રકમ કામદારોને આપે છે. જે તેમનું અને તેમના કુટુંબનું અસ્તિત્વ ટકાવવા માટે માંડ-માંડ પૂરતું થાય છે. કોઈ વાર મોટા કુટુંબવાળા કામદારોના કુટુંબ માટે ઓછું પણ પડે છે. આ રીપોર્ટ સાથે ઓક્સ-ફામે સરકારોને કોર્પોરેશન્સ ઉપર લગામ રાખી.

## NEWS FILE

### અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી, રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ ટ્રમ્પ સૌથી આગળ




વૉશિંગ્ટન : સંયુક્ત રાજ્ય અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણીનો સમય નજીક આવી રહ્યો છે. આ સામે રીપબ્લિકન પાર્ટીના ઉમેદવાર તરીકેની રેસ શરૂ થઈ છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ ફરી જીતનો દાવો કરી રહ્યાં છે. ઉમેદવારીની રેસ શરૂ થતાં જ ટ્રમ્પને ભારે જીત મળી છે. આયોવા કોકસમાં તેઓ ભારે બહુમતિથી વિજયી થયા છે. ફલોરિડાના ગર્વનર રૉન ડીસેન્ટીસ અને પ્રમુખ પદ માટેની રેસમાં એકમાત્ર મહિલા અને યુ.એન.નાં પૂર્વ રાજદૂત નિક્કી હેલી બંને કરતાં ટ્રમ્પ આગળ છે. વાસ્તવમાં ડીસેન્ટીસ અને હેલી એકબીજાને ટક્કર મારે છે.

**અમેરિકા ફર્સ્ટનું સૂત્ર મૂકી મતદારોને ખેંચ્યા:** પૂર્વ પ્રમુખ રોનાલ્ડ રીગને (સીનીયર) દ્વારા જેમ ગોડ બ્લેસ અમેરિકાનું સૂત્ર વહેતું કરાયું હતું. તેમ ટ્રમ્પે અમેરિકા ફર્સ્ટનું સૂત્ર વહેતું મુકી અમેરિકનોને પોતાની તરફ ખેંચ્યાં છે.નિરીક્ષકો તેમ પણ કહે છે કે ૮૧ વર્ષ પૂરાં કરવામાં આવેલા જો બાઈડેન ડેમોક્રેટની સુષ્ટુ સુષ્ટુ વાતો અને ઢીલી નીતિ મોટાભાગના અમેરિકોને રૂચે તેમ જ નથી. તેઓ અમેરિકા ફર્સ્ટ તરફ ઝૂકે છે. આયોવા-કૉક્સ માટે મતદાતાઓએ ૧૫૦૦થી વધુ સ્કૂલો, ચર્ચો અને સામુદાયિક કેન્દ્રોમાં મતદાન કર્યું હતું. તેમાં ટ્રમ્પને ભારે જીત મળી હતી. વિવિધ પ્રી-પોલ-સર્વે અત્યારથી જ જણાવે છે કે, ટ્રમ્પ ઉપર કરાતા અનેકવિધ કેસોને લીધે ટ્રમ્પની પ્રતિષ્ઠા ઘટી નથી. પરંતુ તેથી તેઓ પ્રત્યે જનતાની સહાનુભૂતિ વધી છે. નિરીક્ષકો તેમ પણ કહે છે કે ૨૪નું વર્ષ વિશ્વસ્તરે મહત્ત્વનું બનશે.

### મિસ્ટર ટ્રમ્પ, તમને કોર્ટ બહાર મોકલી દેવાશે: કોર્ટના જજ



ન્યૂયોર્ક: અમેરિકામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ચાલી રહેલા કેસની સુનાવણી દરમિયાન ટ્રમ્પ કોર્ટમાં જ જજ સાથે ભિડાઈ ગયા હતા. કેસની સુનાવણી દરમિયાન કંઈને કંઈ ટિપ્પણી કરી રહેલા ટ્રમ્પને જજે ચૂપ રહેવાની ચેતવણી આપી હતી. જોકે દર વખતે ટ્રમ્પે આ વોર્નિંગને નજર અંદાજ કરી હતી. છેવટે રોષે ભરાયેલા ન્યાયધીશે ટ્રમ્પને કહ્યુ હતુ કે, જો તમે આ પ્રકારની હરકતો કરવાનુ ચાલુ રાખશો તો તમને કોર્ટની બહાર મોકલી દેવામાં આવશે. તેના પર ટ્રમ્પે એવો જવાબ આપ્યો હતો કે તેની કલ્પના કદાચ જજે પણ નહીં કરી હોય. ટ્રમ્પે કહ્યુ હતુ કે, તમે જો આવુ પગલુ ભરશો તો મને સારુ લાગશે.

# વિવેક રામાસ્વામી અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી બહાર

### વિવેકે કહ્યું- મારા માટે રાષ્ટ્રપતિ બનવાનો રસ્તો બંધ થયો છે

■ ન્યૂયોર્ક

ભારતીય મૂળના વિવેક રામાસ્વામીએ અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે તેમની ઉમેદવારી રદ કરી છે. તેઓ હવે ચૂંટણીમાં ઊભા રહેશે નહીં. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, રામાસ્વામીએ પોતે મંગળવારે આ માહિતી આપી હતી. મંગળવારે સવારે (ભારતીય સમય) તેઓ અમેરિકન રાજ્ય આયોવામાં રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવારી માટેની ચૂંટણી હારી ગયા. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પે પ્રચંડ બહુમતી સાથે જીત મેળવી હતી. સીએનએન અનુસાર, વિવેક આ રેસમાં ચોથા ક્રમે રહ્યા હતા. વિવેક રામાસ્વામીએ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાની રેસમાંથી બહાર આવતાં કહ્યું કે મારા માટે રાષ્ટ્રપતિ બનવાનો કોઈ રસ્તો નથી, તેથી હું મારો પ્રચાર સમાપ્ત કરી રહ્યો છું. , જેણે તે દવાઓની પેટન્ટ મોટી કંપનીઓ પાસેથી ખરીદી. રામાસ્વામીએ 2021માં સીઈઓ પદ પરથી રાજીનામું આપ્યું હતું.



### ટ્રમ્પે રામાસ્વામીને ફ્રોડ કહ્યા હતા

આયોવાની ચૂંટણીમાં ફ્લોરિડાના ગવર્નર રોન ડી-સેન્ટિસ બીજા સ્થાને અને ભારતીય મૂળની નિક્કી હેલી ત્રીજા સ્થાને રહ્યા હતા. આ સાથે ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવાર બનશે તે લગભગ નિશ્ચિત છે.આયોવા રાજ્યમાં ઉમેદવારી માટેના ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે વિવેક રામાસ્વામી પર નિશાન સાધ્યું હતું. ટ્રમ્પે વિવેક રામાસ્વામીને ફ્રોડ અને છેતરપિંડી કરનાર કહ્યા હતા. એક નિવેદનમાં ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સમર્થકોને રામાસ્વામીનું સમર્થન કરવા સામે ચેતવણી પણ આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે વિવેકને વોટ આપવો એ વિપક્ષી પાર્ટીને વોટ આપવા જેવું હશે. 38 વર્ષીય વિવેક રામાસ્વામીનો જન્મ આયોવામાં થયો હતો. તેમના માતા-પિતા ભારતના ઈમિગ્રન્ટ હતા. વિવેકે હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. યેલમાં અભ્યાસ કરતી વખતે તેની મુલાકાત અપૂર્વા સાથે થઈ હતી. બંનેએ વર્ષ 2015માં લગ્ન કર્યા હતા. 2014 માં તેણે પોતાની બાયોટેક કંપની રોઈવન્ટ સાયન્સની સ્થાપના કરી.







**શુક્રવારથી ભક્તો માટે મંદિરના દરવાજા બંધ** આ દરમિયાન, જગદગુરુ રામભદ્રાચાર્યએ કહ્યું કે ગર્ભગૃહમાં નવી પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં કોઈ વાંધો નથી. લોકોના દર્શન માટે આ કરવામાં આવ્યું છે. અસ્થાયી રામ મંદિરમાં શુક્રવારે સાંજે 7 વાગ્યાથી દર્શન બંધ થઈ ગયા હતા. જોકે તે પહેલાં રામલલ્લાની પ્રથમ તસવીર અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠાના 3 દિવસ પહેલા એટલે કે શુક્રવારે 19 જાન્યુઆરીએ સામે આવી હતી. વાદળી અને કાળા પથ્થરમાંથી બનેલી મૂર્તિમાં ભગવાનનું મનોહર સ્વરૂપ ઝળહળી રહ્યું છે. 5 વર્ષના રામલલ્લાની આસપાસ એક આભામંડળ બનાવવામાં આવ્યું છે. તેમાં સનાતન ધર્મના પ્રતીકો બનાવવામાં આવ્યા છે. રામલલ્લાના મસ્તક પર ભગવાન સૂર્યની છબી કોતરેલી છે. રામલલ્લા જમણા હાથે આશીર્વાદ આપી રહ્યા છે.

**22મી તારીખે મુખ્ય વિધિ સરૂ થશે** 22 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોનાની સળીથી રામલલ્લાને કાજળ લગાવશે. આ પછી તેમને અરીસો બતાવીશું. મૂર્તિમાં જમણેથી ડાબે ભગવાન વિષ્ણુના 10 અવતારોની છબીઓ છે. તેમાં મત્સ્ય, વરાહ, કુર્મ, વામન, નરસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કી અવતારનો સમાવેશ થાય છે. આ સિવાય ઉપર ધાર્મિક ચિહ્નો બનાવવામાં આવ્યા છે. જેમ કે- સ્વસ્તિક, ઓમ, ચક્ર, ગદા. પગથી માથા સુધીની મૂર્તિની ઊંચાઈ 51 ઈંચ છે. બાકી, ચારેબાજુ જે આભામંડળ સર્જાય છે તેની ઊંચાઈ અલગ છે. મૂર્તિનું વજન લગભગ 200 કિલો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

**રામલલ્લાની પ્રતિમા બનાવનાર કર્ણાટકનો રહેવાસી** રામલલ્લાની પ્રતિમા તૈયાર કરનાર 37 વર્ષીય અરુણ યોગીરાજ કર્ણાટકના રહેવાસી છે. તે મૈસુર મહેલના કલાકારોના પરિવારમાંથી આવે છે. તેમણે 2008માં મૈસુર યુનિવર્સિટીમાંથી MBA કર્યું. પછી ખાનગી કંપનીમાં નોકરી કરી. આ પછી તેમણે પ્રતિમા બનાવવાનું કામ શરૂ કર્યું. તેમને બાળપણથી જ મૂર્તિ બનાવવાનો શોખ હતો. અરુણ યોગીરાજે જગદગુરુ શંકરાચાર્યની ભવ્ય પ્રતિમા બનાવી હતી, જે કેદારનાથમાં સ્થાપિત કરવામાં આવી છે. અરુણે 2022માં ઈન્ડિયા ગેટ પર સ્થાપિત કરવામાં આવનાર નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા પણ બનાવી છે. પીએમ મોદીએ પણ તેમના કામના વખાણ કર્યા છે.

**રામલલ્લાની 3 પ્રતિમાઓ બનાવવામાં આવી હતી** અયોધ્યામાં રામ મંદિરના ગર્ભગૃહ માટે રામલલ્લાની ત્રણ પ્રતિમાઓ બનાવવામાં આવી હતી. ત્રણેયની ઊંચાઈ 51-51 ઈંચ છે. ત્રણેય પ્રતિમાઓમાં કમળના આસન પર બેઠેલા રામલલ્લાનું 5 વર્ષનું બાળ સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. જેમાં એક પ્રતિમા મકરાણાના પથ્થરમાંથી અને બે કર્ણાટકના પથ્થરમાંથી બનાવવામાં આવી હતી. ગર્ભગૃહમાં પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. બાકીની બે મૂર્તિઓ રામ મંદિરના અલગ-અલગ માળ પર સ્થાપિત કરવામાં આવશે.

**વિદેશમાં અદમ્ય ઉત્સાહ અને લાગણી** અયોધ્યામાં 22 જાન્યુઆરીએ યોજાનાર રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અમેરિકામાં કાર રેલી યોજાઈ છે. હિન્દુ સમુદાયના લોકોએ ભગવાન રામની તસવીર સાથેના ધ્વજ લઈને ન્યૂજર્સી, શિકાગો સહીતના શહેરમાં 350 જેટલી ગાડીઓના કાફલા સાથે રેલી યોજી હતી. હિન્દુ ધર્મના લોકો અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પહેલા વિશ્વભરમાં કાર્યક્રમો અને ઉજવણીઓનું આયોજન કરી રહ્યા છે. આ દરમિયાન, વિશ્વ હિંદુ પરિષદ (VHP), યુએસ ચેપ્ટર, સમગ્ર અમેરિકામાં હિન્દુઓ સાથે મળીને મંદિરની પવિત્રતાને લઈને 10 રાજ્યોમાં 40થી વધુ હોર્ડિંગ્સ લગાવ્યા છે.

**બે મૂર્તિઓ કાળા પથ્થરની અને એક આરસની છે** બે પ્રતિમાઓ દક્ષિણના કલાકારો ગણેશ ભટ્ટ અને અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવી હતી, જ્યારે એક રાજસ્થાનના સત્યનારાયણ પાંડેએ બનાવી હતી. દક્ષિણમાં આવેલી મૂર્તિઓ કાળા પથ્થરની છે. સત્યનારાયણ પાંડેએ બનાવેલી પ્રતિમા આરસની બનેલી છે.

**દુનિયાભરમાં રામલલ્લા પ્રાણપ્રતિષ્ઠાને લઇને ભક્તોમાં ઉત્સાહ** 22 જાન્યુઆરીએ અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. આ સમયે લોકો પોતપોતાની રીતે વિવિધ કાર્યક્રમોનાં આયોજન કરી રહ્યાં છે, ત્યારે ગુજરાતની પ્રથમ સિવિલિયન મહિલા સ્કાય ડાઈવર શ્વેતા પરમારે થાઈલેન્ડમાં 13,000 ફૂટની ઊંચાઈએ પ્લેનમાંથી જમ્પ મારીને જય શ્રીરામ લખેલું બેનર ફરકાવ્યું છે. આકાશમાં રામનામનો ધ્વજ લહેરાવવા માટે મહિલાએ દિવાળીના દિવસોથી પ્લાન બનાવીને એક મહિના જેટલી તાલીમ લીધી હતી.જોકે આ મહિલા સ્કાય ડાઈવર અત્યાર સુધીમાં 297 વખત આકાશી કૂદકો મારી ચૂકી છે.

**વિદેશમાં અદમ્ય ઉત્સાહ અને લાગણી** અયોધ્યામાં 22 જાન્યુઆરીએ યોજાનાર રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અમેરિકામાં કાર રેલી યોજાઈ છે. હિન્દુ સમુદાયના લોકોએ ભગવાન રામની તસવીર સાથેના ધ્વજ લઈને ન્યૂજર્સી, શિકાગો સહીતના શહેરમાં 350 જેટલી ગાડીઓના કાફલા સાથે રેલી યોજી હતી. હિન્દુ ધર્મના લોકો અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પહેલા વિશ્વભરમાં કાર્યક્રમો અને ઉજવણીઓનું આયોજન કરી રહ્યા છે. આ દરમિયાન, વિશ્વ હિંદુ પરિષદ (VHP), યુએસ ચેપ્ટર, સમગ્ર અમેરિકામાં હિન્દુઓ સાથે મળીને મંદિરની પવિત્રતાને લઈને 10 રાજ્યોમાં 40થી વધુ હોર્ડિંગ્સ લગાવ્યા છે.

# અમેરિકામાં 9 વર્ષની ભારતીય દીકરીની અદ્ભુત સિદ્ધિ

## પ્રીશા ચક્રવર્તી વિશ્વની 'સૌથી પ્રતિભાશાળી' વિદ્યાર્થી બની

■ ન્યૂયોર્ક



વિદેશી ધરતી પર ભારતીયો સતત પોતાનો ધ્વજ ફરકાવે છે. અમેરિકામાં પણ ભારતીયો નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. દરમિયાન અમેરિકામાં ભારતીય મૂળની નવ વર્ષની વિદ્યાર્થિની પ્રીશા ચક્રવર્તીએ ઈતિહાસ રચ્યો છે. પ્રીશાને વિશ્વની સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની યાદીમાં સામેલ કરવામાં આવી છે. અમેરિકામાં તાજેતરમાં યોજાયેલી એપ્ટિટ્યુડ કોન્ટેસ્ટમાં પ્રીશાએ 90 દેશોના 16000 વિદ્યાર્થીઓને હરાવીને આ ખિતાબ જીત્યો હતો. જ્હોન હોપકિન્સ સેન્ટર ફોર ટેલેન્ટેડ યુથની આ યાદીમાં 16 હજારથી વધુ વિદ્યાર્થીઓના ગ્રેડ લેવલની પરીક્ષાના પરિણામોનું મૂલ્યાંકન કર્યા બાદ પ્રીશાને સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની યાદીમાં સામેલ કરવામાં આવી હતી. પ્રીશાએ સ્કોલેસ્ટિક એસેસમેન્ટ ટેસ્ટ (SAT), અમેરિકન કોલેજ ટેસ્ટિંગ (ACT) અને સ્કૂલ એન્ડ કોલેજ એબિલિટી ટેસ્ટમાં ઉત્તમ સ્કોર કર્યો હતો.

# નવા વર્ષમાં પણ છટણીનો દોર યથાવત, ગૂગલના સીઈઓ સુંદર પિચાઈનો ફરી મોટી છટણીનો સંકેત

■ કેલિફોર્નિયા

આ નવું વર્ષ ગૂગલ કર્મચારીઓ માટે ખરાબ સાબિત થઈ શકે છે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ હજુ વધુ છટણીના સંકેત આપ્યા છે. જાન્યુઆરી 2024 માં મોટી ટેક કંપનીઓ 7500 જેટલા કર્મચારીઓની છટણી કરી ચૂકી છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે સુંદર પિચાઈએ જણાવ્યું છે કે, 'આ વર્ષે ઘણાં વિભાગોમાંથી કર્મચારીઓની છટણી કરવામાં આવશે.' આલ્ફાબેટની માલિકીની ગૂગલે તેના વોઈસ આસિસ્ટન્ટ અને હાર્ડવેર વિભાગમાં સેંકડો કર્મચારીઓની છટણી કર્યાના થોડા જ દિવસમાં જ આ મોટી અપડેટ સામે આવ્યું છે. પહેલા કરવામાં આવેલી છટણીથી પણ ઘણાં વિભાગો પ્રભાવિત થયા હતા અને હજુ વધુ થશે.

**જાન્યુઆરી 2024માં મોટી ટેક કંપનીઓએ 7500 લોકોની છટણી કરી**




# 'અમેરિકા ક્યારેય જાતિવાદી દેશ નથી રહ્યો'

## ભારતીય-અમેરિકન રિપબ્લિકન નેતા નિક્કી હેલીનું નિવેદન

■ ન્યૂયોર્ક

ભારતીય-અમેરિકન રિપબ્લિકન નેતા નિક્કી હેલી, જેઓ આયોવા કોકસમાં ત્રીજા સ્થાને છે, તેમણે કહ્યું છે કે અમેરિકા ક્યારેય 'જાતિવાદી દેશ' નથી રહ્યો અને તેમનું લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે આજે આવતીકાલ કરતાં વધુ સારી છે. હેલીએ આ ટિપ્પણી એમએસએનબીસીના જોય રીડના પ્રશ્નના જવાબમાં કરી હતી કે શું હેલી રિપબ્લિકન નોમિનેશન જીતી શકે છે. ફોક્સ ન્યૂઝના અહેવાલ મુજબ, રીડે રિપબ્લિકન પર ઈમિગ્રન્ટ વિરોધી પક્ષ હોવાનો આરોપ મૂક્યો હતો અને તેથી જ તે 2024માં હેલીના GOP ઉમેદવાર બનવાની કલ્પના કરી શકતી નથી.

આના પર હેલીએ રીડને સૂચન આપ્યું અને કહ્યું, 'તે મારાથી અલગ અમેરિકામાં રહે છે. મારો મતલબ, હા, હું એક 'બ્રાઉન ગર્લ' છું જે દક્ષિણ કેરોલિનાના એક નાનકડા ગ્રામીણ શહેરમાં ઉછરી છે, જે ઈતિહાસમાં પ્રથમ મહિલા લઘુમતી ગવર્નર બની છે, જે સંયુક્ત રાષ્ટ્રમાં એમ્બેસેડર બની છે અને જે હવે રાષ્ટ્રપતિની ચૂંટણી લડી રહી છે. ચાલી રહી છે. જો આ અમેરિકન સ્વપ્ન નથી, તો મને ખબર નથી કે શું છે.

**'અમે જાતિવાદી નથી'**

જ્યારે "ફોક્સ એન્ડ ફ્રેન્ડ્સ" ના હોસ્ટ બ્રાયન કિલમેડે પૂછ્યું કે શું રિપબ્લિકન પાર્ટી જાતિવાદી છે, ત્યારે નિક્કી હેલીએ કહ્યું, 'ના, અમે નથી'. તેણે આગળ કહ્યું, 'અમે જાતિવાદી દેશ નથી. આપણે ક્યારેય જાતિવાદી દેશ નથી રહ્યા. અમારો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે આજનો દિવસ ગઈકાલ કરતાં વધુ સારો છે. શું આપણે સંપૂર્ણ છીએ? ના, પરંતુ અમારો ધ્યેય હંમેશા એ સુનિશ્ચિત કરવાનો છે કે આપણે દરરોજ પ્રયત્ન કરીએ અને શ્રેષ્ઠ બની શકીએ. હેલીએ કહ્યું, 'હું જાણું છું કે જ્યારે હું મોટી થઈ રહી હતી ત્યારે મને જાતિવાદનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ હું તમને કહી શકું છું કે આજે પરિસ્થિતિ પહેલા કરતાં ઘણી સારી છે. અમારો ધ્યેય દરેકને ઉપર લાવવાનો છે, જાતિ અથવા લિંગ અથવા પક્ષ અથવા અન્ય કોઈ બાબત પર લોકોને વિભાજિત કરવા નહીં. અમારી પાસે અમેરિકામાં તે પૂરતું છે.



# AAPમાંથી જનાર ભાયાણીનો હુંકાર, 'વિસાવદર બેઠક પરથી હું જ લડીશ'

## કમિટમેન્ટ સાથે જ BJPમાં જોડાયો છું: ભૂપત ભાયાણી, 3 ફેબ્રુઆરીએ જંગી સભા, પાટીલ હાજર રહેશે

**ગાંધીનગર: ગત વિધાનસભામાં વિસાવદર બેઠક પરથી ભાજપના ઉમેદવાર હર્ષદ રીબડિયાને હરાવી ભૂપત ભાયાણી AAPમાંથી ચૂંટાઇ આવી ધારાસભ્ય બન્યા હતા. જોકે, થોડા સમય પહેલાં જ ભૂપત ભાયાણીએ AAPમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા. હવે ભૂપત ભાયાણીએ જણાવ્યું છે કે, વિસાવદર બેઠક પર ભાજપમાંથી હું જ ચૂંટણી લડીશ. ચૂંટણી લડવાના કમિટમેન્ટ સાથે જ હું ભાજપમાં જોડાયો હતો. 3 ફેબ્રુઆરીએ જંગી સભાનું વિસાવદર ખાતે આયોજન કરાયું છે. મારી સાથે 2 હજાર કાર્યકરો પણ ભાજપમાં જોડાશે, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પણ સભામાં ઉપસ્થિત રહેશે.**

### 20 દિવસ પહેલાં સાથે સુરતમાં જોવા જેવી થઈ ગઈ હતી

20 દિવસ પહેલાં સુરતમાં આમ આદમી પાર્ટીના કેટલાક નેતાઓ ટ્રાફિક નિયમન કરી રહ્યા હતા. આ દરમિયાન જ સામેથી ભૂપત ભાયાણી એકાએક ચાલતા આવતા દેખાયા હતા. ત્યારે જાહેરમાં વીડિયો બનાવી રહેલા આમ આદમી પાર્ટીના પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરીએ ભૂપત ભાયાણીને જોતાની સાથે જ તેમને પ્રશ્ન પૂછવાના શરૂ કરી દીધા હતા. ધર્મેશ ભંડેરીએ ભૂપત ભાયાણીને કહ્યું હતું કે, તમને જોઈને કોઈએ વોટ આપ્યા નથી પરંતુ આમ આદમી પાર્ટીને વોટ આપીને તમને ધારાસભ્ય બનાવવામાં આવ્યા હતા. તમે મતદારોએ તમારામાં મૂકેલો ભરોસો કેમ તોડ્યો છે તેના જવાબ આપો. પરંતુ ભૂપત ભાયાણીએ એક પણ જવાબ આપ્યો ન હતો અને ફક્ત એટલું જ કહ્યું હતું કે, આ બાબતે મારે કંઈ કહેવું નથી. આમ આદમી પાર્ટી છોડવા પાછળ ઘણાં બધાં કારણો છે. પણ તેના જવાબ તે આપી શકે તેવી સ્થિતિમાં નથી.




### ભાજપ-કોંગ્રેસને હરાવ્યા હતા

વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણી જીત મેળવી જાયન્ટ કિલર સાબિત થયા હતા. ભાજપે અહીં કોંગ્રેસ છોડીને આવેલા હર્ષદ રીબડિયાને ટિકિટ આપી હતી તો કોંગ્રેસે કરશન વડોદરિયાને મેદાને ઉતાર્યા હતા. ભાયાણી આ બંને ઉમેદવારોને હાર આપી જીત મેળવવામાં સફળ રહ્યા હતા. ભૂપત ભાયાણીએ ભાજપના હર્ષદ રીબડિયાને 6 હજાર 900 મતોથી હરાવ્યા હતા.

### રાજીનામું આપ્યું ત્યારે પણ ભાજપને સમર્થન આપ્યું હતું

એક મહિના પહેલાં ભૂપત ભાયાણીએ AAPમાંથી ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. એ વખતે તેઓએ જણાવ્યું હતું કે રાજીનામું આપવા પાછળ ઘણાં બધાં કારણો છે. હું રાષ્ટ્રવાદી માણસ છું અને રાષ્ટ્રના હિતમાં કામ કરવા મારા માટે આમ આદમી પાર્ટી યોગ્ય પ્લેટફોર્મ નહોતું, જેથી કરીને મેં મારી જનતા અને કાર્યકર્તાઓને પૂછી મેં નિર્ણય કર્યો છે. કઈ પાર્ટી રાષ્ટ્રવાદી છે અને કઈ પાર્ટી રાષ્ટ્રવાદી નથી એ દેશની જનતા જ જાણે છે. મારે જનતાનાં કામ કરવાં છે. મને યોગ્ય પ્લેટફોર્મ ન લાગતા મેં નિર્ણય લીધો છે. યોગ્ય સમયે યોગ્ય રાજકીય નિર્ણયો થતા હોય છે.

**ભૂપત ભાયાણી પહેલાં ભાજપમાં જ હતા** ભૂપત ભાયાણી આગાઉ ભારતીય જનતા પાર્ટીમાં જ હતા અને એક વખત જિલ્લા પંચાયત અને બે વખત તાલુકા પંચાયતમાં ભાજપમાંથી વિજેતા પણ બન્યા હતા. ઉપરાંત તેમને જૂનાગઢ જિલ્લા ભાજપ સંગઠનના ઉપપ્રમુખની પણ જવાબદારી સોંપવામાં આવી હતી. ભૂપત ભાયાણી 2020માં જ ભાજપમાંથી AAPમાં જોડાયા હતા. સેવા અને સમર્પણની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.

# કેન્દ્રીય ગૃહમંત્રીએ કરી પતંગોત્સવની ઉજવણી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ કાર્યક્રમમાં હાજરી આપી

■ ગાંધીનગર



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપના કાર્યકર્તાઓ સાથે વૈદેહી રેસીડેન્સી-3, વાવોલ ખાતે પતંગોત્સવની ઉજવણી કરી નાગરિકો સાથે વાર્તાલાપ કર્યો હતો. સ્થાનિક રહીશો અને ભાજપના કાર્યકર્તાઓએ જય શ્રી રામના પ્રચંડ ઉદ્ઘાર, રાષ્ટ્રભક્તિના ગીતો અને ઢોલ નગારાના નાદ સાથે અમિતશાહને આવકાર્યા હતાં. આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, સંગઠનના હોદ્દારો, અગ્રણીઓ ચુંટાયેલા સભ્યો, સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

# ટેકનિકલ ખામી સર્જાતા ડબલડેકર બસ ખોટકાઈ

### 55 મુસાફરે 45 મિનિટ બસમાં બેસી રહેવું પડ્યું

■ અમદાવાદ




દસ દિવસ પહેલાં શરૂ કરાયેલી ઈલેક્ટ્રિક ડબલડેકર બસમાં ટેકનિકલ ફોલ્ટ સર્જાતાં અડાલજ ખાતે અટકી પડી હતી. જોકે ડેપોના મિકેનિકલ સ્ટાફે પહોંચી જઈ ટેકનિકલ ક્ષતિ નિવારીને ડબલડેકર બસ પૂર્વવત્ થઈ હતી. જોકે ટેકનિકલ ક્ષતિને દૂર કરવામાં અંદાજે 45 મિનિટ જેટલો સમય લાગ્યો હોવાનું મુસાફરોએ જણાવ્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત સમિટના કાર્યક્રમ પહેલાં એટલે ગત 7 જાન્યુઆરીએ રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગે ઈલેક્ટ્રિક બે ડબલડેકર બસનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરાવ્યું હતું. વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થતાં ઉત્તરાયણથી ગાંધીનગર અને ઉજાલા સર્કલ વચ્ચે બસ દોડાવવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બસમાં અંદાજે 55 મુસાફર બેઠા હતા. ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ ડેપોમાંથી સવારે 7.10 કલાકે ઊપડી હતી. બસ ગાંધીનગરથી અડાલજ પહોંચતા જ ટેકનિકલ ખામી સર્જાતા બસ થંભી ગઈ હતી. આથી ઈલેક્ટ્રિક ડબલડેકર બસ ખોટકાઈ નથી, પરંતુ ડ્રાઈવરની ભૂલના કારણે સ્વિચ દબાઈ જવાથી બસ અટકી પડી હતી.

## NEWS FILE

### મ્યુનિ.કમિશનર એસ્ટેટ વિભાગ પર ફરી લાલઘૂમ




અમદાવાદ: અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર દબાણો, બાંધકામો દૂર કરવાથી લઈ અને ચાલુ કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર નિયમ મુજબની કામગીરી થાય છે કે કેમ તે અંગેની જવાબદારી મ્યુનિસિપલ એસ્ટેટ વિભાગની હોય છે. જો કે એસ્ટેટ વિભાગના અધિકારીઓ દ્વારા યોગ્ય કામગીરી કરવામાં ન આવતી હોવાને લઈ ફરી એકવાર મ્યુનિસિપલ કમિશનર એસ્ટેટ વિભાગના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસરો ઉપર રોષે ભરાયા હતા. આજે મળેલી રીવ્યુ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનરે તમામ ડેપ્યુટી એસ્ટેટ ઓફિસરોને ખખડાવતાં કહ્યું હતું કે ઓનગોઈંગ કન્સ્ટ્રક્શન સાઈટ ઉપરની જે SOP બનાવવામાં આવી છે તે માત્ર કાગળ ઉપર છે.

### ગામડાઓના વિકાસ માટે સરપંચ હવે CEO જેવા બનશે

અમદાવાદ: દેશની મેનેજમેન્ટ ક્ષેત્રે જાણીતી ઈન્સ્ટિટ્યૂટ IIM અમદાવાદ દેશનાં ગામડાઓના સરપંચ તથા અધિકારીઓને મેનેજમેન્ટના પાઠ શીખવશે. દેશના વિકાસમાં સૌથી મહત્ત્વનો ભાગ ગામડાઓનો છે, જેથી ગામડાઓને વિકસિત કરવા IIM દ્વારા મેનેજમેન્ટ શીખવવામાં આવશે. IIM અમદાવાદમાં પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે નેતૃત્વ અને વ્યવસ્થાપન વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પંચાયતી રાજના કેન્દ્રીય રાજ્યમંત્રી કપિલ મોરેશ્વર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

### 'ચાર ચાર બંગડીવાળી' ગીત માટે 1 લાખ ચૂકવવા આદેશ



અમદાવાદ: અમદાવાદ સિટી સિવિલ કોર્ટમાં રેડ રિબન એન્ટરટેઇનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કિંજલ દવે, આરડીસી મીડિયા અને સરસ્વતી સ્ટુડિયો સામે કોપીરાઈટ ભંગની અરજી કરવામાં આવી હતી. જેમાં અરજદાર દ્વારા કહેવાયું હતું કે, 'ચાર ચાર બંગડી વાળી ગાડી' ગીત અને તેનું મ્યુઝિકલ વર્ક કાર્તિક પટેલે કર્યું છે. આથી કિંજલ દવે તે ગીત ગાઈ ન શકે અને મીડિયા કંપનીએ પોતાની યુ ટ્યુબ ચેનલમાંથી તે ગીત હટાવી લેવું જોઈએ. જોકે આ કેસ અંગે અમદાવાદ સિટી સિવિલ કોર્ટે ચુકાદો આપ્યો છે. જેમાં કિંજલ દવેને 1 લાખ રૂપિયા અરજદારને ચૂકવવા હુકમ કર્યો છે.

# રાજ્યમાં હવે ઇ-ચલણ એપ્લિકેશન શરૂ « હવે વાહનચાલકો સ્થળ પર દંડ ભરી શકશે, 135 દિવસ સુધી દંડ ભરો નહીં તો સજા

### વન નેશન, વન ચલણ પ્રોજેક્ટ હેઠળ શરૂઆત

■ અમદાવાદ

દેશભરમાં અત્યારે માર્ગ સલામતી મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે. 15 જાન્યુઆરીથી 15 ફેબ્રુઆરી સુધી માર્ગ સલામતી મહિનાની ઉજવણી ચાલી રહી છે. જે અંતર્ગત ગુજરાત સરકારે NICના સહયોગથી વન નેશન, વન ચલણ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ મોબાઈલમાં ઇ-ચલણ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. આ એપ્લિકેશનના અમલથી વાહનચાલકોએ ટ્રાફિક નિયમોના ભંગ બદલ સ્થળ પર જ ઈ-ચલણ આપવામાં આવશે અને વાહનચાલકો આ ચલણ સ્થળ પર પણ ભરી શકશે. આ સાથે 135 દિવસ સુધીમાં ચલણ નહીં ભરનાર વાહનચાલક સામે કોર્ટ કાર્યવાહી કરશે. પોલીસ દ્વારા તર્કશ એપ્લિકેશન થકી ઈ-ચલણ આપવામાં આવતા હતા. જે હવેથી આ પ્રોજેક્ટ હેઠળ એપ્લિકેશન થકી ટ્રાફિક પોલીસ હેલ્મેટ, સીટબેલ્ટ, તેમજ નો પાર્કિંગ સહિતના ટ્રાફિકના નિયમોના ભંગ બદલ ઈ-ચલણ આપશે. જેમાં વાહનચાલકો સ્થળ પર પણ દંડ ભરી શકશે.

GUJARAT STATE E - Challan

### ચલણ 90 દિવસ બાદ વર્ચ્યુઅલ કોર્ટમાં ટ્રાન્સફર થશે

ભારતના કોઈ પણ રાજ્યની ગાડી અન્ય જગ્યાએ નિયમોનું ભંગ કરશે તો તેને આ એપની મદદથી પોલીસ ઇ-ચલણ આપી શકશે. વાહન ચાલકોને ઇ-ચલણ મળ્યાના 90 દિવસમાં તેને ભરી દેવુ પડશે. જો ચલણ 90 દિવસ બાદ વર્ચ્યુઅલ કોર્ટમાં ટ્રાન્સફર થઈ જશે. જો વર્ચ્યુઅલ કોર્ટમાં ચલણ ગયાના 45 દિવસ સુધી દંડ ભરવામાં નહીં આવે તો બાદમાં તે ચલણ ફિઝિકલ કોર્ટમાં ટ્રાન્સફર થશે. બાદમાં કોર્ટ દ્વારા સમન્સ કાઢી જે-તે વ્યક્તિને કોર્ટમાં હાજર રખાવી શકશે અને સજા પણ ફટકારી શકશે.

**વાહન વેંચી કે ટ્રાન્સફર નહીં કરી શકાય** | આ એપ્લિકેશનની ખાસિયત એ છે કે, તેમાં ચલણ જનરેટ થતાની સાથે જ આરટીઓમાં તે જોઈ શકાશે. ઉપરાંત વાહનચાલક ચલણ ભર્યા વિના પોતાનું વાહન વેંચી કે ટ્રાન્સફર નહીં કરી શકે. જેથી ટ્રાફિક પોલીસે હવેથી વાહનચાલકોને ટ્રાફિકના નિયમો પાળવા માટેની અપીલ કરી છે.

ASER-2023નો સૌથી ચોંકાવનારો રિપોર્ટ

# 14થી 18 વર્ષના 25 ટકા વિદ્યાર્થી માતૃભાષા પણ વાંચી શકતા નથી

## 42.7%ને અંગ્રેજી વાંચતા પણ આવડતું નથી! શું આવી રીતે ભણશે ગુજરાત, શું આવી રીતે રમશે ગુજરાત?

■ રાજકોટ

ગુજરાત સહિત દેશની શૈક્ષણિક સ્થિતિને લઈ ASER દ્વારા રિપોર્ટ જાહેર કર્યો છે. ASER રિપોર્ટ દેશના ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ પ્રણાલી અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક કુશળતાની વાસ્તવિકતા સમજાવે છે. દેશભરના 26 રાજ્ય, 28 જિલ્લા, 1664 ગામડાં, 30,074 ઘર અને 34,745 યુવાનોને આ સરવેમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ સરવેમાં સૌથી મહત્ત્વની બાબત એ સામે આવી છે કે દેશમાં 14થી 18 વર્ષની વય જૂથના લગભગ 25 ટકા વિદ્યાર્થીઓ ધોરણ-2 કક્ષાના પાઠ સરળતાથી વાંચી શકતા નથી. એવી રીતે આ વય જૂથના લગભગ 42.7 ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વાક્યો વાંચવામાં અસમર્થ છે. 14થી 18 વર્ષના 86.8% યુવાનો જુદી જુદી શૈક્ષણિક સંસ્થાનોમાં નામાંકિત થયા છે જ્યારે 17 વર્ષના 20.1% વિદ્યાર્થી અને 16.8% વિદ્યાર્થિનીનું નામાંકન જ થયું નથી. એવી જ રીતે 18 વર્ષના 31.6% વિદ્યાર્થી અને 33.4% વિદ્યાર્થિનીઓનું ક્યાંય નામાંકન જ થયું નહીં હોવાનો ઘટસ્ફોટ આ રિપોર્ટમાં થયો છે.



### અભ્યાસ છોડવાનું કારણ; 24.2% વિદ્યાર્થીને ભણવામાં રુચિ નથી, 20.3% દીકરીઓએ પારિવારિક કારણ

| અભ્યાસ છોડવાનું કારણ | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | તમામ (17-18 વર્ષ) |
|---|---|---|---|
| અભ્યાસમાં રુચિ નથી | 24.20% | 14.30% | 18.90% |
| આર્થિક મુશ્કેલી | 16.90% | 18.20% | 17.60% |
| પારિવારિક મુશ્કેલી | 12.90% | 20.30% | 16.90% |
| ફેલ થવાને કારણે | 13.40% | 12.90% | 13.10% |
| અભ્યાસ છોડવાનું કારણ | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | તમામ (17-18 વર્ષ) |
| સ્કૂલ-કોલેજ દૂર હોવાથી | 2.10% | 10.80% | 6.70% |
| બીમારીને કારણે | 4.30% | 7.10% | 5.80% |
| પરીક્ષાની તૈયારીને લીધે | 2.90% | 4.30% | 3.60% |
| અન્ય કારણો | 13.10% | 11.90% | 12.50% |

### એજ્યુકેશન સર્વેમાં શું સામે આવ્યું

■ 89.0% છાત્રોના ઘરમાં સ્માર્ટફોન ઉપલબ્ધ છે ■ 31.1% પાસે પોતાનો ફોન છે, 68.9% પાસે નથી ■ 91% ના ઘરમાં કમ્પ્યૂટર નથી, માત્ર 9% પાસે છે ■ 77.0% યુવાનો મનોરંજન માટે ફોન વાપરે છે ■ 70.1% વિદ્યાર્થિની 49.4% વિદ્યાર્થી પાસે ઈ-મેલ નથી ■ 90.5% સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો ■ 91.5% વિદ્યાર્થિની, 80.3% વિદ્યાર્થીએ ક્યારેય ઈ-મેલ મોકલ્યો જ નથી. ■ 57.8% વિદ્યાર્થિની, 48.8 ટકા વિદ્યાર્થીએ ઓનલાઈન ખરીદી કરી.

### સારા શિક્ષકો અને શાળા વિના કેવી રીતે બાળકો સારું ભણી શકશે?


રાજ્યમાં અનેક એવી શાળાઓ આવેલી છે જેમાં શિક્ષકોની ખોટ છે. અને અમુક જગ્યાએ તો બાળકોને ભણવા માટે પૂરતા ઓરડાઓની સંખ્યા પણ નથી. જેના કારણે તેમને ખુલ્લામાં બેસીને ભણવાનો વારો આવે છે. આ સિવાય અત્યારે શાળાઓમાં સારા શિક્ષકોની ખોટ છે. કેમ કે આજે વિદ્યાર્થીઓની પાછળ મહેનત કરે તેવા કોઈ શિક્ષક જ નથી. જેના કારણે બાળકો સારું શિક્ષણ મેળવી શકતા નથી.

# 24 ફેબ્રુઆરીથી અયોધ્યામાં મોરારીબાપુની રામકથા

## 'ભગવાન રામ પાસેથી રાજનીતિની પ્રેરણા લેવી જોઇએ'

■ ભાવનગર

22મી જાન્યુઆરીએ અયોધ્યામાં રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્વસ યોજાવા જઈ રહ્યો છે, ત્યારે સમગ્ર દેશ રામમય બન્યો છે. ત્યારે મોરારિબાપુને રામજન્મભૂમિ ટ્રસ્ટ તરફથી આમંત્રણ મળ્યું છે. મોરારિબાપુએ પ્રાણપ્રતિષ્ઠા પછી 24 ફેબ્રુઆરીથી અયોધ્યામાં રામકથા કરશે તેવું જણાવ્યું છે. એક મીડિયા સાથેની વાતચીતમાં મોરારિબાપુએ જણાવ્યું છે કે, હું રામમંદિરના અભિષેક સમારોહમાં જઈ રહ્યો છું. જેથી હું અભિભૂત છું. મારા જીવનની આટલી મોટી આ પહેલી ઘટના છે. આ રામરાજ્યનું શુકન છે. રામમંદિરના



અભિષેકમાં જે કંઈ થઈ રહ્યું છે તે શાસ્ત્રો પ્રમાણે થઈ રહ્યું છે. જેમને આવવું ન હોય કે ન આવવું હોય તેમણે આશીર્વાદ આપવા જોઈએ. તમારે તમારી શુભેચ્છાઓ આપવી જોઈએ. બાપુએ વધુમાં જણાવ્યું છે કે, રામ પાસેથી રાજનીતિની પ્રેરણા લેવી જોઈએ. ભારતનું નામ આખી દુનિયામાં ગુંજી રહ્યું છે, જેમાં નરેન્દ્ર મોદીનું મોટું યોગદાન છે. મારા કોલ પર 18.60 કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું છે.

# 21મીએ CM બનશે ભાવનગરના મહેમાન

## 33 કરોડના ખર્ચે નવી કલેક્ટર કચેરીનું ખાતમુહૂર્ત કરાશે

■ ભાવનગર

ભાવનગર શહેરના વિધાનગર વિસ્તારમાં રૂ.33 કરોડના ખર્ચેથી તૈયાર થનારી કલેકટર કચેરીનું ખાતમુહૂર્ત તા.21 જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે. નવી કલેકટર કચેરીના બાંધકામ માટે 17,500 ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. જનવનિર્મિત કચેરી ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ચાર માળની રહેશે. વર્તમાન આયોજન પ્રમાણે નવી કલેકટર કચેરીમાં 153 ઓરડાઓ તૈયાર થશે, જેમાં 22 કચેરીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રાઉન્ડ ફ્લોર- સિટી મામલતદાર કચેરી, ગ્રામ્ય મામલતદાર કચેરી, સિટી



સર્વે કચેરી, હક ચોકસી કચેરી, એન.આઈ.સી કચેરીનો સમાવેશ કરાયો છે. જ્યારે પહેલાં માળે પ્રાંત કચેરી, નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી કચેરી, જિલ્લા જમીન દફતર કચેરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કચેરી, ભૂસ્તરશાસ્ત્રી કચેરી, ખાણ ખનીજ કચેરી, નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ કચેરી, કોન્ફરન્સ હોલ, સેકન્ડ ફ્લોર- કલેકટર કચેરી, વીડિયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉભી કરાશે.

## NEWS FILE

### VNSGU વિશ્વવિદ્યાલયમાં શ્રીરામોત્સવની ઉજવણી કરાઈ



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રી રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં 16 જાન્યુઆરી 2024થી 22 જાન્યુઆરી 2024 સુધી શ્રીરામોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત 17 જાન્યુઆરીએ એટલે કે બીજા દિવસે સાંજે 7 કલાકે શાસ્ત્રીય નૃત્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરુઆત યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા, કુલસચિવ ડો. રમેશદાન ગઢવી, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડો.પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ સ્ટડી વિભાગના કો-ઓર્ડીનેટર બાલાજી રાજે, સિન્ડિકેટ અને સેનેટ સદસ્યો હાજર રહ્યા.

### રાજકોટમાં 181.37 કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી

રાજકોટઃ રાજકોટ મનપા દ્વારા સતત ત્રીજા દિવસે પણ ડિમોલિશનની કામગીરી યથાવત રાખવામાં આવી હતી. જેમાં મ્યુ. કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ શાખાએ સફાઈ ઝુંબેશની જેમ શહેરના તમામ ત્રણ ઝોનમાં અનામત હેતુના પ્લોટ પરના દબાણો હટાવ્યા હતા. આ દરમિયાન આજે ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોન હેઠળ આવતા જુદાં જુદાં વિસ્તારમાંથી રિઝર્વેશન પ્લોટ અને ટીપી રોડનાં 61 જેટલા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જ્યારે 59 જેટલા ઝુપડાઓનો કડૂસલો બોલાવી કુલ 181.37 કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

### રૂ. 3.30 કરોડના ખર્ચે નવા મેજરબ્રિજનું લોકાર્પણ કરાયું



જામનગરઃ જામનગર મા રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના ખીમરાણા ગામે રૂપારેલ નદી ઉપર નવનિર્મિત મેજરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.3.30 કરોડના ખર્ચે 12 મીટરના 7 ગાળાનો મેજરબ્રીજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યો છે. ખેડૂતોને મદદરૂપ થવા માટે સરકાર મક્કમતાથી કામગીરી કરી રહી છે. સરકારની ખેડૂતો માટે અતિ મહત્વની એવી સૌની યોજના થકી ખીમરાણા સહિત સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદા નદીનું પાણી ઠાલવવામાં આવે છે જેના થકી ખેડૂતભાઈઓ બે સિઝનનો લાભ લઈ શકે છે.

# એઇમ્સ પહોંચવું સરળ બનશે « મ્યુ. કમિશ્નરે 30 મીટર રોડ પર બનતા બ્રિજની મુલાકાત લીધી, કામગીરી ઝડપી કરવા જરૂરી સૂચનાઓ આપી

## મનપા દ્વારા 30 મીટરના રોડ પર બનાવાય છે બ્રિજ

■ રાજકોટ

રાજકોટની ભાગોળે આવેલા પરાપીપળીયા નજીક ગુજરાતની એકમાત્ર એઈમ્સ હોસ્પિટલ કાર્યરત થઈ ગઈ છે. ટૂંક સમયમાં એઈમ્સ હોસ્પિટલની આઈપીડી સેવા પણ ખુલ્લી મુકવામાં આવનાર છે. ત્યારે એઈમ્સ સુધી પહોંચવામાં સરળતા થાય તે માટે મનપા તંત્ર દ્વારા 30 મીટરનાં રોડ પર બ્રિજ બનાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજે મ્યુ. કમિશ્નર આનંદ પટેલે સ્થળ મુલાકાત કરી હતી અને કામગીરી ઝડપી પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા. આ તકે મ્યુ. કમિશ્નર આનંદ પટેલે જણાવ્યું હતું કે, આ બ્રિજ બની જવાથી રાજકોટ અને AIIMS વચ્ચેની કનેક્ટિવિટી સરળ બનશે. હાલ આ બ્રિજની કામગીરી મહદઅંશે પૂર્ણતાના આરે છે અને ફિનીશિંગની કામગીરી ચાલુ છે. બ્રિજ ચાર માર્ગીય હોવાથી રાજકોટ શહેરથી AIIMS સુધી જવું સરળ બનશે. બ્રિજ બન્યા બાદ લોકો માધાપર ચોકડી બાયપાસ કરીને રેલનગર અન્ડરબ્રિજ પરથી સીધા AIIMS જઈ શકાશે.



### ટૂંક સમયમાં એઇમ્સમાં IPD સેવા શરૂ થશે

વધુમાં તેમણે જણાવ્યું કે, આજરોજ આ કામગીરીને લઈને નાયબ મ્યુ. કમિશ્નર અને સિટી એન્જિનીયર સહિતના અધિકારીઓ સાથે ખાસ વિઝિટ કરવામાં આવી હતી. જેમાં બ્રિજની કામગીરી ઝડપી તેમજ સુવ્યવસ્થિત રીતે કરવા માટે કેટલીક જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ટૂંક સમયમાં એઈમ્સમાં IPD સેવા શરૂ કરવામાં આવનાર હોય તે પહેલાં બ્રિજની કામગીરી પૂર્ણ કરવા માટે હાલ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટની એઈમ્સ હોસ્પિટલમાં તબક્કાવાર જુદા-જુદા વિભાગો કાર્યરત થઈ રહ્યા છે. ત્યારે ટૂંક સમયમાં આઈપીડી વિભાગનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે. જેથી દર્દીઓ એઈમ્સમાં દાખલ થઈ શકશે. હાલ આઈપીડી વિભાગની કામગીરી પૂર્ણ થવાના આરે હોવાથી 26 જાન્યુઆરી બાદ ગમેત્યારે લોકાર્પણ થનાર છે. ત્યારે બ્રીજ બની જતા અહીં સુધી આવતા લોકોને મોટી રાહત મળશે.

# આત્મા જ્યારે અહીંથી ચાલી જ નીકળ્યો છે તો પછી રડી કકળીને એને રોકવા કરતાં એની સફરને સરળ કેમ ના બનાવવી



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 16**

**ઉદયપુરની** હોસ્પિટલમાં મૃત્યુ પામતા પહેલા અખિલે જે વાત કરેલી તે ઈન્સ્પેક્ટરે તુલસીને કહેવા માંડી.

અખિલે કેવી રીતે શુભાનું અપહરણ કર્યું, ચીમન ચપ્પુ જેલમાં મળ્યો હતો, તેની મદદથી સુરત રહ્યો, શુભાને વેચવાની વાતની અખિલને ગંધ આવી ગઈ, શુભાને બચાવવા માટે અખીલ ત્યાંથી ભાગ્યો, દિલ્હી જવા નીકળ્યો, ઉદયપુરથી થોડે આગળ બસ નો અકસ્માત, શુભાનું મૃત્યુ, અખિલને હોસ્પિટલ લઈ ગયા, બચશે નહીં એવું લાગતા પોલીસને બધું જ સત્ય કહેવું. ચીમનચપ્પુથી એના મા-બાપ ને તુલસીને ભય, ચીમનચપ્પુનું જેલમાંથી ફરાર થવું, પોલીસ સાથેની મુઠભેડમાં એને ગોળી લાગવી, એનું મૃત્યુ પામવું. સુરતમાં આશારો આપનાર માસી ને મમતા નામની વ્યક્તિની ધરપકડ. આ બધા જ માટે અખીલે માંગેલી તુલસીની માફી.

તુલસી અજાયબ થઈને આ બધું જ સાંભળી રહી. કોઈ થ્રીલર કથામાં હોય એવા વળાંકો હતા. શું આ બધું સત્ય છે? અખિલ હવે મૃત્યુ પામ્યો છે, મૃત્યુ વેળાએ શું કામ ખોટું બોલે?

એ આખી રાત તુલસી વિચારતી રહી, શુભાને વેચી દીધી હોત તો? આ વિચાર સાથે જ તુલસી ધ્રુજી ઉઠી. શું હાલત થાત તો મારી ફુલ જેવી કોમળ દીકરીની! અખીલે મારી શુભાને બચાવી. ચીમન ચપ્પુ જેવા ડોનથી ગભરાયા વગર, એ પકડાઈ જશે તો એની હાલત એ શું કરે એ વિચાર્યા વગર બચાવી. શુભાની સલામતી માટે એ ભાગ્યો. શુભાની જીવનદોરી લાંબી નહીં હોય એટલે, અકસ્માતમાં એ ના જીવી. તોયે અખિલનું એ મારા પરનું ઋણ જ કહેવાયને. તો હવે મારી પણ ફરજ બને કે એના મા-બાપને મારે સાચવવા જોઈએ.

અખિલ અને શુભાના અગિયારમા બારમાની વિધિ માટે ચાણોદ જવાનું રુખીબહેને નક્કી કરેલું. લક્ષ્મીપ્રસાદ સાવ નાના બાળક જેવું વર્તન કરવા માંડેલા. સમજાવી-પટાવીને ખવડાવવા પડતા હતા.

તુલસીએ હવે એ જવાબદારી પોતાના માથે લઈ લીધેલી. એમને નાસ્તો કરાવવો, જમાડવા તથા દવા પીવડાવી.

હવે તુલસીએ સ્વીકારી લીધું હતું કે, શુભા હવે આ દુનિયામાં નથી રહી. એ આત્મા જ્યારે અહીંથી ચાલી જ નીકળ્યો છે તો પછી રડી કકળીને એને રોકવા કરતાં એની સફરને સરળ કેમ ના બનાવવી.

આ વિચાર સાથે જ તુલસીએ રડવાનું બંધ કરીને ભજન-કીર્તનમાં મનને પરોવ્યું હતું. ઝમકુને પાડોશમાં બધાને ઘરે મોકલીને રાતે ભજનમાં આવવાનું કહેવડાવી દીધું.

તુલસી રોજ ગરુડપુરાણ વાંચતી, એનો ભાવાર્થ સમજાવતી અને પછી ભાવવિભોર થઈને ભજનો ગાતી.

તુલસીના માર્દવભર્યા અવાજના જાદુથી, ભજનોના શબ્દોથી, તુલસીની કાળજીભરી વર્તણુંકથી લક્ષ્મીપ્રસાદને ઘણું જ સારું લાગી રહ્યું હતું. હવે એ પહેલાં કરતાં થોડા સ્વસ્થ થયા હતાં. રુખીબહેનને તો આ બધામાંયે તુલસીની કંઈક ચાલબાજી જ દેખાતી હતી.

તુલસીએ રસોડું આટોપતા ઝમકુને કહ્યું ‘જા જમકુ બાપુજીને દૂધ આપી આવ.’

ઝમકુ ગઈ એવી પાછી આવી. ‘બાપુજી દૂધ પીવાની ના પાડે છે ભાભી. તમે જાઓ ઈ તમારું હાંભરશે.’

‘હાઈ પાવરની આટલી ગોળીઓ લે છે. જો દૂધ નહીં પીવે તો બળતરા ઉપડશે. લાવ હું આપી આવું.’

આમ કહેતીકને ઝમકુના હાથમાંથી દૂધનો ગ્લાસ લઈને તુલસી લક્ષ્મીપ્રસાદના રૂમમાં ગઈ. સમજાવી-પટાવીને દૂધ



પીવડાવ્યું. તુલસી જ્યારે રૂમમાં દાખલ થઈ ત્યારે લક્ષ્મીપ્રસાદ કણસતા હતા. તુલસીએ કારણ પૂછ્યું તો બોલ્યા કે, ‘એ તો આજે શરીર બહુ તૂટે છે એટલે.’

‘લાવો પગ દબાવી આપુ?’

‘ના-ના કોઈ જરૂર નથી.’

‘કેમ? એમાં શું વાંધો છે? મારા પિતા માંદા હોત તો મે એમના પગ દબાવ્યા જ હોત ને.’ આમ કહેતા તુલસી ખુરશીને પલંગ પાસે ખસેડીને એના પર બેસીને લક્ષ્મીપ્રસાદના પગ દબાવવા લાગી.

આ બધું જોઈને લક્ષ્મીપ્રસાદ છુટ્ટા મોંએ રડી પડ્યા, ને રડતા-રડતા બોલ્યા. ‘તે તો તારો હંધોય ધરમ નીભાયવો, પણ હું મારો ધરમ ચુકી ગ્યો. ના તારો હારો હાહરો બની હયકો કે ના હારા માણહ બનાયુ મારાથી. કયા ભવે છૂટીશ આ હંધાય પાપમાંથી. દયા કર જગદંબા દયા કર મારી ઉપર.’

તુલસીએ એમને શાંતિથી બેસાડ્યા, પાણી પીવડાવ્યું ને માથે હાથ ફેરવતી ઉભી રહી.

લક્ષ્મીપ્રસાદે તુલસીના બેય હાથ પોતાના હાથમાં લીધા ને હજુ કહેવા જતા હતા ત્યાં જ રુખીબહેન આવ્યા ને જોરથી રાડ પાડીને બોલ્યા ‘મારા દીકરાને તો ભરખી ગઈ , હવે મારા ધણી ઉપર કામણકુટણ કરવાં લાગી? કુલટા અટાણે ને અટાણે જ નીકળી જા મારા ઘરમાંથી.’

આટલા દિવસોની ભરાયેલી બધી જ કડવાશને જીભ પર લાવીને એણે તુલસી પર ઠાલવી દીધી.

આ સાંભળીને તુલસી સડક જ થઈ ગઈ. બે પળ તો એનું મગજ સુન્ન થઈ ગયું. કોઈ આટલી હદ સુધી જઈ શકે! હવે આ ઘરમાં એક પળ પણ ના રહેવાય.

આ વિચાર સાથે જ તુલસી જવા વળી, પરંતુ લક્ષ્મીપ્રસાદે તુલસીના હાથ સજ્જડ પકડી લીધા હતા. તેણે રુખીબહેન સામે જોઈને દયાજનક ભાવથી કહ્યું ‘અખિલની મા, આટઆટલું ભોગયવું ઈ હજુ ઓછું લાગે છે? તી હજી કરમ બાંધો છો? હજીય આંખ નથી ખુયલી તમારી?’

‘મારી તો કેદુની ખુલી ગઈ છે. તમે આ વંતરીની વાતુમાં આવીને ભાન ભૂયલા છો, પણ યાદ રાખજો એક દી તમને ને મને બેયને રોડ માથે નોધારા મેલી દેહેને તંયે ખુલશે તમારી આંખું.’ રુખીબહેને એવા જ તોરમાં કહ્યું, ને ઉમેર્યું ‘આજકાલ હું જોઈ રહી છું, કાંક વધાર પડતા જ લટુડા-પટુડા કરવા માંડી છે તમારી આગળ! લાલો લાભ વગર લોટે નહીં કાંય.’

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

# સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો અને તમારા યોગદાનની પણ પ્રશંસા થશે. તમારા અંગત કામ પણ પરિવારના સભ્યોની મદદથી ઘણા અંશે પૂર્ણ થશે. નજીકના સંબંધીઓને મળવાની તક મળશે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં સકારાત્મક વલણ જાળવી રાખો. ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિના સ્વાસ્થ્યને લઈને ચિંતા થઈ શકે છે.

### વૃષભ



(બ.વ.ઉ)

કેટલાક સમયથી ચાલી રહેલી અવ્યવસ્થિત દિનચર્યામાં વિરામ આવશે. માહિતીપ્રદ અને મહત્વપૂર્ણ માહિતી મેળવવામાં સમય પસાર થશે. તમે કોઈ પ્રેરણાદાયી વ્યક્તિને મળશો. માનસિક શાંતિ રહેશે. તમારી અંગત બાબતોને પણ અવગણશો નહીં. સરકારી બાબતોને સમયસર ઉકેલવાથી તમે કોઈ મોટી સમસ્યાથી બચી શકો છો.

### મિથુન



(ક.છ.ઘ)

વ્યવસ્થિત દિનચર્યા રહેશે અને તમારા કોઈપણ કાર્યમાં અનુભવી લોકોનું માર્ગદર્શન લેવાથી તમને ચોક્કસ સફળતા મળશે. કોઈ સામાજિક સેવા સંસ્થા તરફ તમારો વિશેષ સહયોગ મળશે. તમારા હરીફોની ગતિવિધિઓથી અજાણ ન રહો.સતર્ક રહેવું જરૂરી છે. નજીકના સંબંધી કે મિત્ર સાથે પણ અણબનાવ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે.

### કર્ક



(ડ.હ)

ઘરની સુખ-સુવિધા સંબંધિત વસ્તુઓની ખરીદીમાં સમય પસાર થશે. પ્રોપર્ટી વગેરે સંબંધિત કામ પણ થઈ શકે છે. વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં પરિણામો તેમના પક્ષમાં આવશે.તમારી સિદ્ધિઓ બતાવવાની વૃત્તિથી દૂર રહો. તમારા બાળકનું વર્તન અને ક્રિયાઓ તમને ચિંતાનું કારણ બની શકે છે.

### સિંહ



(મ.ટ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અવ્યવસ્થિત દિનચર્યામાં થોડી સ્થિરતા રહેશે. ધાર્મિક સ્થળ અથવા એકાંતમાં થોડો સમય પસાર કરવાથી તમને માનસિક શાંતિ મળશે. ક્યારેક તમારું ધ્યાન કેટલાક ખોટા કાર્યો તરફ જઈ શકે છે. આત્મચિંતનમાં પણ થોડો સમય વિતાવો. રોકાણ સંબંધિત પ્રવૃત્તિઓ હાલ માટે સ્થગિત રાખો.

### કન્યા



(પ.ઠ.ણ)

તમારી વિચારવાની શૈલીને સકારાત્મક બનાવો. તમારા સંબંધીઓ અને મિત્રોના સંપર્કમાં રહેવાથી સંબંધોમાં મધુરતા જળવાઈ રહેશે. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા વિદ્યાર્થીઓને કોઈ સારા સમાચાર મળી શકે છે. તમારા કામનો બોજ અન્ય લોકો સાથે શેર કરો. તમે હેન્ડલ કરી શકો તેના કરતાં વધુ વર્કલોડ લેવાથી તમે અત્યંત થાકી જશો.

### તુલા



(ર.ત)

તમારી કોઈપણ વ્યક્તિગત યોજનાને અમલમાં મૂકવા માટે અનુકૂળ સમય છે અને તે વધુ સારા પરિણામો પણ આપશે. નજીકના સંબંધીઓના આગમનથી આનંદનું વાતાવરણ રહેશે. પરંતુ તમારી યોજનાઓ પણ ગુપ્ત રાખો. કોઈપણ પ્રકારની મુસાફરી કે વાહનોનો ઉપયોગ કરવાનું ટાળો. વેપારની દૃષ્ટિએ ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહે.

### વૃશ્ચિક



(ન.ય)

કોઈ અનુભવી વ્યક્તિના માર્ગદર્શન અને સલાહથી તમારું મહત્ત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થશે અને તમારું મનોબળ પણ વધશે. બાકી અથવા ઉધાર લીધેલા પૈસા ઉપાડવા માટે સમય સાનુકૂળ છે. તમારા કાર્યોને તમારી ઈચ્છા મુજબ પૂર્ણ કરવા માટે કેટલીક રણનીતિઓ બનાવવી પણ જરૂરી છે. વેપારમાં કોઈપણ પ્રકારનું જોખમ ન લેવું.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

કોઈપણ કાર્ય કરતા પહેલા પ્લાનિંગ કરવાથી અને તેનાથી સંબંધિત જાણકારી મેળવીને તમે વધુ સારા પરિણામ પ્રાપ્ત કરી શકશો. ઘરની સાથે બહારની પ્રવૃત્તિઓ પર પણ તમારું ધ્યાન રાખો. પરંતુ ટૂંક સમયમાં તમે તમારી માનસિક સ્થિતિને નિયંત્રિત કરી શકશો. ઓફિસમાં કોઈ સહકર્મી સાથે બિનજરૂરી વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે.

### મકર



(ખ.જ)

જો સ્થળાંતરની કોઈ યોજના બની રહી છે, તો તેને અમલમાં મૂકવા માટે આજનો સમય સાનુકૂળ છે. તમે કોઈપણ સંજોગોમાં તમારું કાર્ય પૂર્ણ કરી શકશો. તમારી કાર્યશૈલી અને કાર્યક્ષમતામાં વધુ સુધારો કરવાની જરૂર છે. ઉચ્ચ શિક્ષણ માટે અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને અમુક પ્રકારની વિક્ષેપનો સામનો કરવો પડી શકે છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો અને પારિવારિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવવામાં પણ તમારું વિશેષ યોગદાન રહેશે.બીજાની બાબતોમાં હસ્તક્ષેપ કરવાને બદલે માત્ર તમારા અંગત કામ પર ધ્યાન આપો. વેપારમાં કામની પુષ્કળતાના કારણે તમારા કર્મચારીઓને પણ થોડી સત્તા આપવી યોગ્ય રહેશે.

### મીન



(દ.ચ.ઝ.થ)

કોઈ સરકારી મામલો અટવાયેલો હોય તો આજે તેમાંથી રાહત મળવાની સંભાવના છે. તમે પારિવારિક સુખ-સુવિધાઓ પર ઉદારતાથી ખર્ચ કરશો. કોઈ ધાર્મિક સ્થાનમાં પણ તમને સેવા સંબંધિત યોગદાન મળશે. કોઈ અન્ય વ્યક્તિના કારણે સંજોગો પ્રતિકૂળ બની શકે છે, જેના કારણે તમારા સ્વભાવમાં તણાવ અને ચીડિયાપણું રહેશે.



# નિતેશ તિવારીની રામાયણમાં કૈકેયીની ભૂમિકા ભજવશે લારા!

## સની દેઓલને હનુમાનજી અને બોબી દેઓલ કુંભકર્ણ બનશે

■ નવી દિલ્લી

ગયા વર્ષે 'એનિમલ' જેવી સફળ ફિલ્મ આપનાર રણબીર કપૂરની આગામી ફિલ્મ 'રામાયણ' છે. નીતિશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મમાં રણબીર ભગવાન શ્રીરામના રોલમાં જોવા મળશે. આમાં તેની સામે સાઉથની અભિનેત્રી સાઈ પલ્લવી માતા સીતાના રોલમાં હશે. નિર્માતાઓએ રાવણના રોલ માટે 'KGF' ફેમ સાઉથ સુપરસ્ટાર યશને ફાઈનલ કર્યો છે. મેકર્સે આ ફિલ્મની બાકીની સ્ટાર કાસ્ટ માટે બોલિવૂડ કલાકારોનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું છે. પિંકવિલાના અહેવાલ મુજબ, નિર્માતાઓએ ફિલ્મમાં રાજા દશરથની ત્રીજી પત્ની કૈકેયીની ભૂમિકા માટે અભિનેત્રી લારા દત્તાનો, હનુમાનના રોલ માટે સની દેઓલ અને કુંભકરણના રોલ માટે બોબી દેઓલનો સંપર્ક કર્યો છે.

પિંકવિલા સાથે વાત કરતી વખતે, ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રએ કહ્યું, 'નિતેશ તિવારી આ ફિલ્મમાં એવા કલાકારોને કાસ્ટ કરવા માંગે છે જે ભારતીય ઈતિહાસની આ કાલાતીત વાર્તા સાથે સંબંધિત પાત્રો ભજવવાની ક્ષમતા ધરાવતા હોય. તે માને છે કે લારા દત્તા રાજા દશરથની ત્રીજી પત્ની રાજકુમારી કૈકેયીની ભૂમિકા ભજવવા માટે યોગ્ય છે. આ એક મહત્વપૂર્ણ પાત્ર છે જે રામાયણની આખી વાર્તાને એક અલગ જ વળાંક આપે છે.


### બોબીને કુંભકરણનો રોલ ઓફર કરાઈ

રાવણના નાના ભાઈ કુંભકરણના રોલ માટે નિર્માતાઓએ બોબી દેઓલનો સંપર્ક કર્યો છે. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'એનિમલ'માં વિલનની ભૂમિકામાં બોબીને ખૂબ પસંદ કરવામાં આવ્યો છે. સૂત્રોનું માનીએ તો તેમણે આ ઓફરનો જવાબ આપવા માટે નીતિશ પાસે બે મહિનાનો સમય માંગ્યો છે.

### હનુમાનના રોલ માટે સની સાથે ચર્ચા

સૂત્રોનું કહેવું છે કે સની આ ફિલ્મમાં હનુમાનનું પાત્ર ભજવવા માટે લગભગ તૈયાર છે. તેઓ નિતેશ અને તેમની ટીમ સાથે આગોતરી ચર્ચા કરી રહ્યા છે. સનીએ અંતિમ નિર્ણય લેવા માટે 20 દિવસનો સમય માંગ્યો છે.

### પહેલો ભાગ 2025માં રિલીઝ થઈ શકે છે

નીતિશ માર્ચ 2024 સુધીમાં રણબીર અને સાઈ સાથે આ ફિલ્મના પહેલા ભાગનું શૂટિંગ શરૂ કરશે. જ્યારે યશ જુલાઈ 2024માં શૂટિંગમાં જોડાશે. નિર્માતાઓ વર્ષ 2025ના બીજા ભાગમાં તેનો પહેલો ભાગ રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે.

# બોલીવુડ દીવા ઈશા દેઓલ પતિથી અલગ થઈ ગઈ?

## ભરત તખ્તાનીને લઈને સામે આવી ચોંકાવનારી માહિતી

■ મુંબઈ

પીઢ બોલિવૂડ એક્ટર ધર્મેન્દ્ર અને ડ્રીમ ગર્લ હેમા માલિની ઈન્ડસ્ટ્રીનું મોટું નામ છે. આ બંને સ્ટાર્સે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. આ કપલની દીકરી ઈશા દેઓલ પણ બોલિવૂડનો ભાગ રહી ચૂકી છે. ઈશા દેઓલ તેની પ્રોફેશનલ લાઈફ કરતાં તેના અંગત જીવન માટે વધુ સમાચારોમાં રહે છે. તાજેતરમાં ઈશા દેઓલને લઈને આવા સમાચાર સામે આવ્યા છે. આ સાંભળીને બધાને નવાઈ લાગી. ધર્મેન્દ્ર અને હેમા માલિનીની મોટી દીકરી એશા દેઓલ અને તેના પતિ ભરત તખ્તાનીના અલગ થવાના સમાચાર છે. બોલિવૂડના કોરિડોરમાં એવી ગોસિપ ચાલી રહી છે કે, ઈશા તેના પતિ ભરત તખ્તાનીથી અલગ થવા જઈ રહી છે. બંને લાંબા સમયથી કોઈ ઈવેન્ટ કે પાર્ટીમાં સાથે જોવા મળ્યા નથી. આ સિવાય અભિનેત્રીએ લાંબા સમયથી તેના પતિ સાથે કોઈ તસવીર શેર કરી નથી. તેમનો છેલ્લો ફોટો 30 જૂન, 2023નો છે. એશા દેઓલ મોટાભાગે તેની માતા હેમા માલિની સાથે જોવા મળે છે. આ કપલના લગ્ન 29 જૂન 2012ના રોજ થયા હતા. બંનેના લગ્ન ઈસ્કોન મંદિરમાં ખૂબ જ સાદગી સાથે થયા હતા. એક યુઝરે લખ્યું કે, 'ભરતને જોઈને લાગતું હતું કે તે પોતાના પરિવાર અને પત્નીને ખૂબ પ્રેમ કરે છે.' બીજા યુઝરે લખ્યું, 'ઈશા સાથે તે ન થવું જોઈએ જે તેની માતા સાથે થયું.'



### છૂટાછેડાના સમાચારે કેમ વેગ પકડ્યો?

બોલિવૂડ લાઈફ અને બોલિવૂડ શાદી.કોમમાં પ્રકાશિત એક ન્યુઝ અનુસાર, આ બાબતો ત્યારે સામે આવી જ્યારે તાજેતરમાં જ એક સોશિયલ મીડિયા યુઝરે Reddit પર એક પોસ્ટ શેર કરી. આ પોસ્ટમાં યુઝર દાવો કરી રહ્યો છે કે, એશા દેઓલે પતિથી અલગ થઇ ગઇ છે.તેથી તે પબ્લિકલી એકસાથે જોવા મળતા નથી.

### પોસ્ટે ભરતની ગર્લફ્રેન્ડ હોવાનો દાવો કર્યો

યુઝરે તેની પોસ્ટમાં એવો પણ દાવો કર્યો હતો કે, તેણે ઈશા દેઓલના પતિ ભરતને બેંગલુરુમાં ન્યુ યરની એક પાર્ટીમાં જોયો હતો. જ્યાં તે તેની એક કથિત ગર્લફ્રેન્ડ સાથે હતો. એવું પણ કહેવામાં આવ્યું હતું કે, ભરતની ગર્લફ્રેન્ડ બેંગ્લોરમાં જ રહે છે. જો કે હજુ સુધી દેઓલ પરિવાર તરફથી આ અંગે કોઇ પ્રતિક્રિયા સામે આવી નથી.

# આલિયા ભટ્ટની જિગરામાં વેદાંગ રૈનાની એન્ટ્રી

### આલિયાના ભાઈની ભૂમિકા ભજવશે, ફિલ્મનું શૂટિંગ શરુ

■ મુંબઈ

આલિયા ભટ્ટની ફિલ્મ 'જિગરા'માં 'આર્ચીઝ'ના કલાકાર વેદાંગ રૈનાની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. આ અંગે હજુ સત્તાવાર જાહેરાત થઈ નથી. ખુદ વેદાંગ પણ બધાને ગોળ ગોળ જવાબો આપી રહ્યો છે. પરંતુ એક દાવા અનુસાર ફિલ્મમાં વેદાંગને આલિયાના ભાઈની ભૂમિકા ઓફર થઈ છે. આલિયા ભટ્ટ આ ફિલ્મ પ્રોડયૂસ પણ કરી રહી છે. તેણે દિવાળી પછી આ ફિલ્મનું શૂટિંગ શરુ કરી દીધું હોવાની તસવીરો પણ વાયરલ થઈ છે. વેદાંગ 'આર્ચીઝ'માં સુહાના ખાન, ખુશી કપૂર તથા અગસ્ત્ય નંદા જેવા નેપો કિડ્ઝ સાથે દેખાયો હતો. બાકીના ત્રણેય કલાકારોની સરખામણીએ વેદાંગે કારકિર્દી જમાવવા માટે વધારે મહેનત કરવી પડશે એ નક્કી છે. આ ફિલ્મના સેટ પરથી જ વેદાંગ અને ખુશી કપૂરનું અફેર શરુ થયું હોવાનું પણ કહેવાય છે.




# ઈમરાન હાશ્મીને ડોન-થ્રીમાં વિલનનો રોલ ઓફર કરાયો




મુંબઈઃ રણવીર સિંહની 'ડોન થ્રી'માં વિલન તરીકે કદાચ ઈમરાન હાશ્મીની પસંદગી થાય તેવી અટકળો છે. ઈમરાન ફરહાન અખ્તરની ઓફિસમાં જોવા મળ્યો હતો. અહીં તે ફિલ્મના કાસ્ટિંગ બાબતે ચર્ચા કરવા આવ્યો હોવાનું કહેવાય છે. અગાઉ તે 'ટાઈગર થ્રી'માં વિલન બની ચૂક્યો હોવાથી 'ડોન થ્રી'માં પણ તેને નેગેટિવ ભૂમિકા ઓફર થઈ શકે છે એમ કહેવાય છે. 'ડોન થ્રી'માં હિરોઈનની પસંદગીનો મુદ્દો પણ હજુ ગૂંચવાયેલો છે. સમયાંતરે નવી નવી હિરોઈનોના નામ આવતાં રહે છે. શોભિતા ધુલીપાલા આ રોલ માટે મોખરે હોવાનું કહેવાય છે. એક તબક્કે એવી પણ ચર્ચા થઈ હતી કે હવે શાહરુખ ખાન આ ફિલ્મમાં નહીં હોવાથી રોમાના પાત્રમાં પ્રિયંકા ચોપરાનું પુનરાગમન થઈ શકે છે.

# હવે બનશે ક્રિકેટર સૌરવ ગાંગુલીની બાયોપિક

### આયુષ્યમાન ખુરાના મુખ્ય ભૂમિકામાં જાજોવા મળશે

■ નવી દિલ્લી

આયુષ્યમાન ખુરાનાએ ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન સૌરવ ગાંગુલીની બાયોપિક માટે તૈયારી શરુ કરી દીધી છે. તે થોડા મહિના સુધી ક્રિકેટની તાલીમ લેશે. આ ફિલ્મનું દિગ્દર્શન 'ઉડાન,','લૂટેરા', 'ભાવેશી જોશી સુપર હીરો' અને ' જ્યુબિલી' સહિતના પ્રોજેક્ટસના સર્જક વિક્રમાદિત્ય મોટવાણે કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગયા વર્ષથી આયુષ્માન ખુરાના આ ફિલ્મ માટે વાતચીત કરી રહ્યો હતો. સૌરવ ગાંગુલીની બાયોપિક માટે આયુષ્માન જ નિર્માતાઓની પ્રથમ પસંદગી હતો. તેનું કારણ એ હતું કે, આયુષ્માન ખુરાના પણ ડાબોડી છે, જેથી તે બેટિંગ કરે ત્યારે નેચરલ લાગે. હવે તેણે આ ફિલ્મ સાઈન કરી દીધી છે અને ખૂબ ઝડપથી આ રોલની તૈયારી શરૂ કરશે. જો કે આ ફિલ્મના શૂટિંગની ટાઈમલાઈનનો નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી.




# ગોધરા કાંડ પર એકતા કપૂરની ફિલ્મ « વિક્રાંત મેસી સાથે અભિનેત્રી રાશિ ખન્ના અને રિદ્ધી ડોગરા જોવા મળશે

■ મુંબઈ

એકતા કપૂર દ્વારા પ્રોડયૂસ કરાઈ રહેલી પોલિટિકલ થ્રીલર ફિલ્મનું ટાઈટલ 'સાબરમતી રિપોર્ટ' હોવાનું કન્ફર્મ થયું છે. આ ફિલ્મમાં વિક્રાંત મેસી મુખ્ય ભૂમિકામાં હશે. તેની સાથે સહકલાકારો તરીકે રાશિ ખન્ના અને રિદ્ધી ડોગરા જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન રંજન ચંદેલ કરી રહ્યા છે. તેમની 'ગ્રહણ' વેબ સીરીઝ બહુ વખણાઈ હતી. આથી, ગુજરાતના ગોધરા કાંડ પર આધારિત આ ફિલ્મ વિશે આશાઓ વધી છે. રાશિ ખન્ના અગાઉ 'ફર્ઝી' વેબ સીરીઝથી જાણીતી છે જ્યારે રિદ્ધિ ડોગરા તાજેતરમાં 'જવાન' ફિલ્મમાં જોવા મળી હતી. આ ફિલ્મ આગામી મે માસમાં રીલીઝ કરવામાં આવશે તેવી જાહેરાત કરાઈ છે. ફિલ્મમાં વિક્રાંત મેસી તથ્યોની શોધમાં નીકળેલા ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટની ભૂમિકામાં હોવાનું જાણવા મળે છે.





### રણબીરે ફી 30થી વધારી 65 કરોડ કરી

મુંબઈ : રણબીર કપૂરે પોતાની ફી વધારીને ૬૫ કરોડ કરી હોવાનું કહેવાય છે. 'એનિમલ'ની શાનદાર સકસેસ પછી તેણે પોતાની ફી સીધી ડબલ કરી દીધી છે. જોકે, સલમાન ખાન, શાહરુખ ખાન, અક્ષય કુમાર જેવા કલાકારો એક ફિલમના ૧૦૦ કરોડ રુપિયા પણ વસૂલ કરે છે. અજય દેવગણ તેની મોટાભાગની ફિલ્મોમાં કોઈ ટેરિટરી કે પછી ઓવરઓલ કલેક્શનમાંથી હિસ્સો લઈ લે છે. અક્ષય કુમાર તેની મોટાભાગની ફિલ્મોમાં સહ નિર્માતા તરીકે જોડાઈને નિર્માતા તરીકે નફામાં ભાગ મેળવે છે. આમ 'એનિમલ' પછી રણબીર ફીના મામલે રણવીર કરતાં આગળ નીકળી ગયો હોવાનું કહેવાય છે.

# મેસ્સી ફિફા ફૂટબોલર ઓફ ધ યર બન્યો




## આઈતાના બોનમતી શ્રેષ્ઠ મહિલા ખેલાડી બની; પેપ ગાર્ડિઓલા શ્રેષ્ઠ કોચ બન્યો

■ સ્પેન

આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સીએ ફિફાનો ફૂટબોલર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો છે. PSG અને ઈન્ટર મિયામી ક્લબ સાથે રાષ્ટ્રીય ટીમ માટેના તેના પ્રદર્શનના આધારે તેને આ અવોર્ડ મળ્યો હતો. મેસ્સીએ સતત બીજા વર્ષે આ અવોર્ડ જીત્યો છે. સ્પેનની આઈતાના બોનમતી વર્ષની મહિલા ફૂટબોલ બની. તે બાર્સેલોના માટે ક્લબ ફૂટબોલ રમે છે. જ્યારે માન્ચેસ્ટર સિટીના પેપ ગાર્ડિઓલાને બેસ્ટ કોચનો એવોર્ડ મળ્યો હતો.

**હાલેન્ડ-એમબાપ્પેને હરાવીને મેસ્સી જીત્યો:** મેસ્સીની સાથે નોર્વેના એર્લિંગ હાલેન્ડ અને ફ્રાન્સના કાઈલિયન એમબાપ્પે પણ ફૂટબોલર ઓફ ધ યરની રેસમાં હતા. એમ્બાપ્પેને વોટિંગમાં 35 પોઈન્ટ મળ્યા અને તે ત્રીજા ક્રમે આવ્યો. હાલેન્ડને મેસ્સીની બરાબરી માત્ર 48 પોઈન્ટ મળ્યા છે. ટોચના સ્થાન માટે ટાઇ હતી, પછી ટાઇ-બ્રેકરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મેન્સ નેશનલ ટીમના 13 કેપ્ટનોએ મેસ્સીને વોટ આપ્યો જ્યારે હાલેન્ડને માત્ર 11 કેપ્ટનના વોટ મળ્યા. ટાઈ-બ્રેકરમાં 2 પોઈન્ટથી આગળ રહેવાને કારણે, મેસ્સીને વિજેતા ગણવામાં આવ્યો અને તેણે સતત બીજા વર્ષે ફૂટબોલર ઓફ ધ યરનો અવોર્ડ જીત્યો.

**બોનમતીએ એકતરફી રીતે અવોર્ડ જીત્યો:** સ્પેનની આઈતાના બોનમતી વર્ષની શ્રેષ્ઠ મહિલા ફૂટબોલર બની. તેમને વોટિંગમાં 52 પોઈન્ટ મળ્યા હતા. તેને કેપ્ટન, કોચ, મીડિયા અને ફેન્સ તરફથી 13-13 પોઈન્ટ મળ્યા, જેના કારણે તે નંબર વન પર રહી. બોનામતીએ 2023નો મહિલા બલોન ડી'ઓર પણ જીત્યો હતો. ઐતાનાએ આ વર્ષે બેલોન ડી'ઓર, UEFA પ્લેયર ઓફ ધ યર, વર્લ્ડ કપ ગોલ્ડન બોલ અને બેસ્ટ ફિફા પ્લેયરનો એવોર્ડ જીત્યો હતો. ચારેય એવોર્ડ જીતનારી પ્રથમ ખેલાડી બની હતી.



# દીપ્તિ શર્મા ICC પ્લેયર ઓફ ધ મંથ બની

### ઓસ્ટ્રેલિયા કેપ્ટન અને બોલર પેટ કમિન્સે મેન્સમાં એવોર્ડ જીત્યો

■ દુબઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ ભારતની દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ આપ્યો છે. ICCએ મંગળવારે આની જાહેરાત કરી. મેન્સ ક્રિકેટરોમાં ઓસ્ટ્રેલિયાના બોલર પેટ કમિન્સને આ અવોર્ડ આપ્યો હતો. ICCએ આ અવોર્ડ ડિસેમ્બર 2023ના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓને આપ્યો હતો. દીપ્તિની સાથે ભારતની જેમિમાહ રોડ્રિગ્ઝ અને ઝિમ્બાબ્વેની પ્રિશિયસ મારંજ પણ એવોર્ડની રેસમાં હતી. મેન્સ કેટેગરીમાં બાંગ્લાદેશના તૈજુલ ઈસ્લામ અને ન્યૂઝીલેન્ડના ગ્લેન ફિલિપ્સ રેસમાં હતા.

દીપ્તિએ ગયા મહિને ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ઈંગ્લેન્ડ સામેની એકમાત્ર ટેસ્ટની બંને ઈનિંગ્સમાં 9 વિકેટ ઝડપી હતી. તેણે પ્રથમ દાવમાં 5 અને બીજી ઈનિંગમાં 4 વિકેટ ઝડપી હતી. આટલું જ નહીં તેણે બેટથી 67 રન પણ બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ બાદ દીપ્તિએ ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં પણ 8 વિકેટ ઝડપી હતી.

NEWS FILE

## ફિન એલને પાકિસ્તાન સામે 16 સિક્સર ફટકારી, એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સર



ડ્યુનેડિનઃ ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન સામેની ત્રીજી T20 પણ એકતરફી રીતે જીતી લીધી હતી. ટીમે બુધવારે ડ્યુનેડિનમાં 45 રનથી મેચ જીતી લીધી હતી અને 5 મેચની T20 શ્રેણીમાં 3-0થી અજેય લીડ મેળવી હતી. ન્યૂઝીલેન્ડ તરફથી ફિન એલને 16 સિક્સર ફટકારીને 137 રનની ઈનિંગ રમી હતી. એલનની ઈનિંગના આધારે ન્યૂઝીલેન્ડે 20 ઓવરમાં 7 વિકેટે 224 રન બનાવ્યા હતા. પાકિસ્તાનની ટીમ 7 વિકેટે 179 રન જ બનાવી શકી હતી. ફિન એલનને 137 રન બનાવવા બદલ પ્લેયર ઓફ ધ મેચનો અવોર્ડ મળ્યો હતો. તેણે ટી-20 ઈન્ટરનેશનલ ઈનિંગ્સમાં સૌથી વધુ 16 સિક્સર ફટકારવાના રેકોર્ડની પણ બરાબરી કરી.

## સૂર્યકુમાર યાદવની જર્મનીમાં સફળ સર્જરી કરવામાં આવી



જ્યુરિચઃ સૂર્યકુમાર યાદવની જર્મનીમાં ગ્રોઈનની સફળ સર્જરી કરવામાં આવી છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટથી આ અંગેની માહિતી આપી હતી. સૂર્યાએ બીજી વખત ગ્રોઈન ઈન્જરી સર્જરી કરાવી છે, તે એક સપ્તાહમાં ભારત પરત ફરી શકે છે. સર્જરી પછી, સૂર્યકુમાર બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી (NCA માં રિહેબથી પસાર થશે. જ્યાંથી તે આ વર્ષની IPL માટે ફિટ થવાની શક્યતા છે. વિશ્વના નંબર-1 T20 બેટ્સમેન સૂર્યકુમાર યાદવની સર્જરી બુધવારે મ્યુનિકના નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ હેઠળ થઈ હતી. તેમના પહેલા કેએલ રાહુલે 2022માં મ્યુનિકમાં સ્પોર્ટ્સ હર્નિયાનું ઓપરેશન પણ કરાવ્યું હતું.

# રોહિત T20Iમાં 5 સદી ફટકારનાર પહેલો બેટ્સમેન

## ભારતીય કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવ્યા

■ બેંગલુરુ

બેંગલુરુમાં રમાયેલી રોમાંચક T20 મેચ ભારતે 40 ઓવર અને બે સુપર ઓવર બાદ જીતી લીધી હતી. અફઘાનિસ્તાન જીતની ખૂબ નજીક આવી ગયું હતું, પરંતુ ટીમના ખેલાડીઓ નિરાશ થઈને પોતાના દેશ પરત ફર્યા હતા. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે 212 રન બનાવ્યા હતા જેના જવાબમાં અફઘાનિસ્તાને પણ 212 રન બનાવ્યા હતા. મામલો સુપર ઓવર સુધી પહોંચ્યો હતો. પ્રથમ સુપર ઓવરમાં બંને ટીમે 16-16 રન બનાવ્યા હતા. ત્યારપછી બીજી સુપર ઓવરમાં ભારતે 11 રન બનાવ્યા હતા, પરંતુ અફઘાનિસ્તાન માત્ર એક રન બનાવી શક્યું હતું. T20 ઈન્ટરનેશનલમાં પ્રથમ વખત એક જ મેચમાં બે સુપર ઓવર સુધી મેચ ગઈ હતી. સિરીઝની પ્રથમ 2 મેચમાં પોતાનું ખાતું પણ ખોલાવી ન શકનાર રોહિત શર્માએ T20 ઈન્ટરનેશનલ (T20I)માં પોતાની પાંચમી સદી ફટકારી હતી. તેણે રિંકુ સિંહ સાથે 190 રનની ભાગીદારી કરી હતી.

### જાણો મેચના ટોપ રેકોર્ડ...

1 **રોહિત શર્મા T-20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ સિક્સર મારનાર કેપ્ટન બન્યો** ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા T20 ઈન્ટરનેશનલમાં કેપ્ટન તરીકે સૌથી વધુ સિક્સ મારનાર ખેલાડી બની ગયો છે. રોહિતે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન ઈયોન મોર્ગનનો રેકોર્ડ તોડ્યો.

2 **રોહિત T20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી** રોહિત શર્મા T20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી પણ બની ગયો છે. તેણે તેની પાંચમી સદી ફટકારી હતી. તેણે ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલ અને ભારતના સૂર્યકુમાર યાદવને પાછળ છોડી દીધા છે. તો વિશ્વના ટોચના T20 રન સ્કોરર વિરાટ કોહલીએ પણ તેની કારકિર્દીમાં માત્ર એક સદી ફટકારી છે.

3 **રિંકુ-રોહિત વચ્ચે 190 રનની સૌથી મોટી ભાગીદારી** રોહિત શર્મા અને રિંકુ સિંહે પાંચમી વિકેટ માટે 190 રનની ભાગીદારી કરીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. ભારત માટે આ ફોર્મેટમાં કોઈપણ વિકેટ માટે આ સૌથી મોટી ભાગીદારી છે.

## ભારત માટે સૌથી મોટી ભાગીદારી


4 **ભારતીય કેપ્ટન તરીકે રોહિતના સૌથી વધુ રન, વિરાટનો રેકોર્ડ તોડ્યો** રોહિત શર્માએ ભારતીય કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો. રોહિતે ભારતીય સુકાની તરીકે 1648 રન બનાવ્યા હતા, તેણે ઈનિંગ્સમાં 44મો રન લેતાની સાથે જ વિરાટને પાછળ છોડી દીધો હતો.

5 **એક ઓવરમાં સૌથી વધુ રન બનાવવાના રેકોર્ડની બરાબરી** રોહિત શર્મા અને રિંકુ સિંહે ઈનિંગની 20મી ઓવરમાં કુલ 36 રન બનાવ્યા હતા. આ જ ઓવરમાં રોહિતે એક ફોર અને સિંગલ લઈને પોતાની સદી પૂરી કરી હતી.

ભારતના એકમાત્ર પુરાતત્વીય સ્થળ તરીકે માન્યતા મળી

# PM મોદીનું વતન વડનગર 2500થી 3000 વર્ષ જૂનું હોવાનું તપાસમાં ખૂલ્યું







## વડનગરમાંથી 2800 વર્ષ જૂની વસાહતના પુરાવા મળ્યા

■ ગાંધીનગર

ગુજરાતના PM નરેન્દ્ર મોદીના ગામ વડનગરમાં 2800 વર્ષ જૂના માનવ વસવાટના પુરાવા મળ્યા છે. IIT ખડગપુર અને ASIના નેતૃત્વમાં છેલ્લાં 7 વર્ષથી અહીં ખોદકામ ચાલી રહ્યું છે. IIT ખડગપુરના ભૂસ્તરશાસ્ત્ર અને ભૂ-ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર ડૉ. અનિન્દ્ય સરકારે મંગળવારે ANIને જણાવ્યું હતું કે વડનગર એ સૌથી જૂનું ગામ છે, જ્યાં 800 ઈસા પૂર્વ (ખ્રિસ્તી યુગ પહેલાં) માનવ વસવાટના પુરાવા છે. તેમની ટીમે 20 મીટરની ઊંડાઈ સુધી ખોદકામ કરીને ઘણા મહત્ત્વપૂર્ણ પુરાવા એકઠા કર્યા છે. પ્રોફેસર ડૉ. અનિન્દ્ય સરકારે જણાવ્યું હતું કે વડનગરમાં સઘન પુરાતત્વીય ખોદકામનો અભ્યાસ એ પણ સૂચવે છે કે આ લાંબા 3,500 વર્ષો દરમિયાન વિવિધ સામ્રાજ્યોનો ઉદય અને પતન તથા મધ્ય એશિયાના યૌદ્ધાઓ દ્વારા ભારત પર વારંવાર આક્રમણ થયું હતું. ટીમ છેલ્લાં 4-5 વર્ષથી વડનગરમાં ASI સાથે કામ કરી રહી છે. એક ખૂબ જ જૂનો બૌદ્ધ મઠ પણ મળી આવ્યો છે. ASI 2016થી કામ કરી રહ્યું છે, 20 મીટરની ઊંડાઈ સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું.

**વડનગર ભારતનું એકમાત્ર પુરાતત્વીય સ્થળ:** તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડનગર ભારતનું એકમાત્ર પુરાતત્વીય સ્થળ છે જ્યાં પ્રારંભિકથી મધ્યયુગીન ઈતિહાસ સંપૂર્ણપણે સચવાયેલો છે અને જેનો ચોક્કસ ઘટનાક્રમ હવે જાણીતો છે.ડૉ. અનિન્દ્ય સરકારે કહ્યું, "અમારી તાજેતરની કેટલીક અપ્રકાશિત રેડિયોકાર્બન તારીખો સૂચવે છે કે આ વસાહત 1400 BC અથવા 1500 BC જેટલો જૂનો હોઈ શકે છે.

# ભારતના આ પાડોશી દેશમાં નથી એક પણ ભિક્ષુક

## સરકાર આપે છે રહેવા માટે ઘર અને જમવા માટે ભોજન

■ ભૂતાન

હિમાલયનો અદ્દભુત નજારો, શાંતિપૂર્ણ બૌદ્ધ મઠો અને આનંદી લોકોનું ઘર એટલે ભૂતાન. હિમાલયની ગિરિમાળાઓમાં આવેલો દેશ, ભૂતાન એક એવો દેશ છે જ્યાં જીવન જીવવાના બૌદ્ધ માર્ગ તેમજ આધુનિકતાનો સમન્વય થાય છે. પાડોશી દેશ ભૂતાનની સંસ્કૃતિ અને સુંદરતા ભારત જ નહીં, પૂરી દુનિયાને પોતાની તરફ ખેંચી લે છે. ભૂતાનની બીજી ખાસિયત એ છે કે અહીં તમને કોઈ બેઘર કે ભિક્ષુક જોવા નહીં મળે. આ દેશમાં સરકાર તમામ લોકોને રહેવા માટે ઘર અને ખાવા માટે ભોજનની ગેરંટી આપે છે. એટલા માટે આ દેશમાં કોઈ વ્યક્તિ ભૂખ્યો નથી સૂતો. અહીંના લોકો સામાન્ય રીતે સુખી જીવન જીવે છે.આ દેશની સૌથી મોટી ખાસિયત એ છે કે, અહીં સારવાર પણ બિલકુલ મફત છે. પરંપરાગત અને શાસ્ત્રીય દવાઓ બંને અહીં સામાન્ય છે.



## NEWS FILE

### નેતન્યાહુ કેબિનેટે સૈન્ય માટે 15 અબજ ડોલરનું બજેટ મંજૂર કર્યું




તેલ અવીવ: ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને રાજકીય મોરચે મોટી રાહત મળી છે. કેબિનેટે 2024ના બજેટમાં 55 અબજ શેકલ્સ (ઈઝરાયલની કરન્સી)ના વધારાના બજેટને મંજૂરી આપી છે. આ લગભગ 15 અબજ યુએસ ડોલર જેટલી રકમ છે. 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ'ના અહેવાલ મુજબ કેબિનેટની બેઠક લગભગ બે કલાક સુધી ચાલી હતી. જેમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.ત્રણ મહિનાથી ચાલી રહેલા યુદ્ધ અને તેના બજેટને લઈને અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. જો કે, બાદમાં 15 અબજ ડોલરનું ઈમરજન્સી બજેટ રજૂ કરવા સંમત થયું હતું.

### ત્રણ મહિનામાં કેનેડા જતાં ભારતીય સ્ટુડન્ટ્સ 86% ઘટ્યા

ટોરોન્ટો: કેનેડા ભણવા જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 86%નો ઘટાડો થયો છે. ગયા વર્ષે જૂનમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદથી બંને દેશો વચ્ચે તણાવ છે. આ પણ વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાનું કારણ છે. કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટરે આ જાણકારી આપી છે. ગયા વર્ષે જુલાઈથી સપ્ટેમ્બરની વચ્ચે 1 લાખ 8 હજારથી વધુ ભારતીય બાળકોને સ્ટડી પરમિટ આપવામાં આવી હતી. તે જ સમયે, ઓક્ટોબર અને ડિસેમ્બર વચ્ચે, ફક્ત 14,910 ભારતીય બાળકોએ અભ્યાસ પરમિટ માટે અરજી કરી હતી.

### કુનોમાં હવે માત્ર 17 ચિત્તા જ બચ્યા, 10 ચિત્તાના મોત થયા



મધ્ય પ્રદેશ: મધ્યપ્રદેશના શ્યોપુરના કુનો નેશનલ પાર્કમાં મંગળવારે વધુ એક ચિત્તાનું મોત થયું હતું. નામીબિયાથી લાવેલા ચિત્તા 'શૌર્ય'નું બપોરે 3:17 કલાકે મૃત્યુ થયું હતું. અગાઉ, જ્યારે ચિત્તા પર નજર રાખતી ટીમે તેને સવારે 11 વાગ્યે જોયો ત્યારે તે બેભાન અવસ્થામાં હતો. ટીમે તેને ટ્રેન્કુલાઈઝ કર્યો અને તેને CPR (કાર્ડિયો પલ્મોનરી રિસુસિટેશન) આપ્યો. થોડા સમય પછી તે ભાનમાં આવ્યો પણ તેની હાલત ઘણી જ ખરાબ હતી. શૌર્યના મોતનું કારણ પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ બહાર આવશે. કુનોમાં અત્યાર સુધીમાં 7 ચિત્તા અને 3 બચ્ચા સહિત આ 10મું મોત છે.

# ચીનમાં સતત બીજા વર્ષે વસ્તીમાં ઘટાડો

## 2023માં 90 લાખ બાળકોનો જન્મ, જન્મ દર 5.7% થતાં સરકાર ચિંતિત

■ બીજિંગ

ચીનની વસ્તી 2023માં સતત બીજી વખત ઘટી છે. ગયા વર્ષે ચીનના રાષ્ટ્રીય જન્મ દરમાં રેકોર્ડ ઘટાડો નોંધાયો હતો. ચીનમાં વર્ષ 2023માં 90 લાખ બાળકોનો જન્મ થયો હતો, જ્યારે વર્ષ 2022માં ત્યાં 95 લાખ બાળકોનો જન્મ થયો હતો. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, વર્ષ 2022માં ચીનમાં જન્મ દર 6.67% હતો, જે વર્ષ 2023માં ઘટીને 5.7% થઈ ગયો છે. 2022માં દર હજાર વ્યક્તિએ 6.67 બાળકોનો જન્મ થયો હતો, તે 2023માં ઘટીને 6.39 થઈ ગયો.

### વર્ષ 2023માં 27 લાખ 5 હજાર લોકોમાં ઘટાડો થયો છે અને ઘટતાં જન્મદરે સૌથી વધારે ચિંતા જન્માવી

વર્ષ 2022માં ચીનની વસ્તી 1.4118 અબજ હતી, જે વર્ષ 2023માં ઘટીને 1.409 અબજ થઈ જશે. એટલે કે એક વર્ષમાં કુલ 27 લાખ 5 હજાર લોકો ઓછા થયા. ચીનની વસ્તીમાં 31 રાજ્યોના લોકોની ગણતરી થાય છે. તેમાં હોંગકોંગ, મકાઉ અને તાઈવાનનો સમાવેશ થતો નથી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, ચીનમાં બાળકો પેદા કરવાનો ખર્ચ સતત વધી રહ્યો છે, જે ક્યારેક લોકોને ગરીબીમાં ધકેલી દે છે. તે જ સમયે, પરિવાર અને લગ્નને લઈને લોકોની વિચારસરણી સતત બદલાતી રહે છે, તેની અસર ત્યાં જન્મ દર પર પણ પડી રહી છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે ચીનમાં આર્થિક મંદી અને કોરોના સમયે લાદવામાં આવેલા નિયંત્રણોને પણ જવાબદાર ઠેરવ્યા છે.




### આ ચીનના આર્થિક વિકાસ માટે ખતરો છે

નિષ્ણાતોએ ચીનને ચેતવણી આપી છે કે સતત ઘટી રહેલો જન્મ દર દેશના આર્થિક વિકાસ માટે ખતરો સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં અન્ય લાભો સાથે પેન્શનરો અને નિવૃત્ત લોકોનું પ્રમાણ વધવાથી દેશની અર્થવ્યવસ્થા પર દબાણ વધશે. યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન-મેડિસનના પ્રોફેસર યી ફુક્સિયને કહ્યું- ચીન વસ્તી વિષયક કટોકટીનો સામનો કરી રહ્યું છે, જે ચીની અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયની કલ્પનાની બહાર છે.